RNI NO GUJ/GUJ/2005/23890

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ આસો વદ -૪ ગુરૂવાર તા.૨૯-૧૦-૨૦૨૬ અંક : ૨૫૪ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

નેતન્યાહુની સત્તા ખતરામાં: અરબ પક્ષો બન્યા કિંગમેકર

ઈઝરાયલની ચૂંટણીમાં નેતન્યાહૂના ગઠબંધનને ૫૩, વિપક્ષી ગઠબંધનને ૪૮ બેઠકો અને. અરબ પાર્ટીઓએ ૧૯ બેઠકો જીતી: સત્તા માટે ૬૧ બેઠકોની જરૂર



જેરુસલેમ,

ઈઝરાયલની ચૂંટણીમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને વિપક્ષી નેતા ગાદી આઈઝનકોટ, બંને બહુમતીથી દૂર રહ્યા છે. ૯૦.૫% મતોની ગણતરી બાદ નેતન્યાહૂનું ગઠબંધન ૫૩ બેઠકો અને આઈઝનકોટનું વિપક્ષી ગઠબંધન ૪૮ બેઠકો પર આગળ છે. બીજી તરફ, આરબ પક્ષોને કુલ ૧૯ બેઠકો મળતી દેખાઈ રહી છે. સરકાર બનાવવા માટે સંસદની ૧૨૦ બેઠકોમાંથી ઓછામાં ઓછી ૬૧ બેઠકો જરૂરી છે. આવી સ્થિતિમાં આરબ પક્ષો કિંગમેકર બની શકે છે.

બીજી તરફ, ગુરુવારે સવારે ડબલ-એન્વલપ બેલેટની ગણતરી શરૂ થઈ ગઈ છે. આ ૫ લાખથી વધુ મતોને કારણે સંસદની બેઠકોનું અંતિમ પરિણામ બદલાઈ શકે છે.ડબલ-એન્વલપ બેલેટનો ઉપયોગ એવા લોકોના મતો માટે થાય છે જેમણે પોતાના નિર્ધારિત મતદાન મથકથી અલગ જગ્યાએ મતદાન કર્યું હોય. તેમાં સૈનિકો, રાજદ્વારીઓ, પોલીસકર્મીઓ અને વિસ્થાપિત લોકોનો સમાવેશ થાય છે.

ઈઝરાયલમાં રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં ૭૭.૭% મતદાન થયું હતું. કેન્દ્રીય ચૂંટણી સમિતિના જણાવ્યા મુજબ, ૫૬.૯૫ લાખથી વધુ લોકો મતદાન કરી ચૂક્યા હતા. ૨૦૨૨ની ચૂંટણીમાં આ જ સમય સુધીમાં ૭૦.૬% મતદાન થયું હતું. આ આંકડો હજુ થોડો વધી શકે છે. રાત્રે ૧૦ વાગ્યે મતદાન કેન્દ્રો બંધ થયા બાદ પણ ત્યાં લાઈનમાં ઊભેલા લોકોને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

ઈઝરાયલના રાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી છે કે ચૂંટણીમાં ટક્કર હોવા છતાં દેશમાં ફરીથી ચૂંટણી યોજવાની નોબત નહીં આવે.ચૂંટણીમાં કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી. આવી સ્થિતિમાં નેતન્યાહૂ અને વિપક્ષના નેતાઓ સરકાર બનાવવાના વિકલ્પો શોધી રહ્યા છે.આ ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર અરાબિક નાગરિકોના પ્રતિનિધિત્વ કરતા પક્ષો દ્વારા જોવા મળ્યો છે. રેકોર્ડબ્રેક મતદાનના જોરે 'જોઈન્ટ લિસ્ટ' અને 'રામ' પક્ષોએ મળીને કુલ ૧૯ બેઠકો પર કબ્જો જમાવ્યો છે, જે તેમનું અત્યાર સુધીનું સૌથી શ્રેષ્ઠ અને ઐતિહાસિક પ્રદર્શન છે. ભૂતકાળમાં આ પક્ષો વધુમાં વધુ ૧૫ બેઠકો મેળવી શક્યા હતા. જો વિરોધ પક્ષો અરાબિક નેતાઓ સાથે હાથ મિલાવવા તૈયાર થાય, તો તેઓ નેતન્યાહૂને સત્તા પરથી હટાવવામાં 'કિંગમેકર' ની ભૂમિકા ભજવી શકે છે.

અમેરિકામાં, ફ્લાઈટમાં મુસાફરને મજાક ભારે પડી, વિમાન પાછું ફર્યું

એક મુસાફરે ફ્લાઈટ હાઈજેક અને ક્રેશ કરવાની વાત લખીને મેસેજ મોકલતા ચકચાર મચી ગઈ

લાસ વેગાસ,

અમેરિકામાં સુરક્ષાને ગંભીર જોખમમાં મૂકતો એક અનોખો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં લાસ વેગાસથી ન્યૂ જર્સી જતી યુનાઈટેડ એરલાઈન્સની ફ્લાઈટમાં એક મુસાફરે મજાકમાં કરેલી મેસેજબાજી ભારે પડી હતી. વિમાન હવામાં પહોંચ્યા બાદ એક મુસાફરે ફ્લાઈટ હાઈજેક અને ક્રેશ કરવાની વાત લખીને મેસેજ મોકલતા ચકચાર મચી ગઈ હતી, જેના પગલે પાયલટે તાત્કાલિક વિમાનને પરત લાસ વેગાસ યુ-ટર્ન લેવડાવવો પડ્યો હતો. પોલીસે આ મામલે ૨૫ વર્ષીય આરોપી યુવકની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, લાસ વેગાસથી નેવાર્ક (ન્યૂ જર્સી) જતી ફ્લાઈટમાં ડાન્ટે મિલ્ન નામના યુવકે તેના જ એક સહકર્મી સાથે ટેક્સ્ટ મેસેજ પર વાતચીત શરૂ કરી હતી. આ દરમિયાન ડ્યુટી પર રહેલી એક ફ્લાઈટ અટેન્ડન્ટની નજર મેસેજ પર પડી, જેમાં "ૈ'દ્ધ ર્ખ્ર્હહઠ્ઠ રૈદ્ધઠ્ઠષ્ઠા" (એટલે કે હું હાઈજેક કરવા જઈ રહ્યો છું) શબ્દો લખેલા હતા. આ ગંભીર મામલો તરત જ લીડ ફ્લાઈટ અટેન્ડન્ટ અને કેપ્ટન સુધી પહોંચાડવામાં આવ્યો. વિમાને ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈ વટાવી લીધા બાદ સુરક્ષા પ્રોટોકોલ મુજબ પાયલટે વિમાનને પરત લાસ વેગાસ એરપોર્ટ પર લેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો. વિમાન લેન્ડ થતાં જ સુરક્ષા દળોએ ડાન્ટે મિલ્નની અટકાયત કરી લીધી હતી.

આંધ્રપ્રદેશમાં ચક્રવાત 'અર્નબ'ની તબાહી! ૧૩ જિલ્લામાં પૂરનું એલર્ટ

૧૩ જિલ્લાઓમાં ફ્લેશ ફ્લડનું હાઈ એલર્ટ, ૩ નવેમ્બર સુધી વરસાદની સંભાવના

વિશાખાપટ્ટનમ,

ચક્રવાતી વાવાઝોડા 'અર્નબ' ની ભયાનક અસરના કારણે આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ અને તોફાની પવનોએ જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. હવામાન વિભાગએ રાજ્યના ૧૩ જિલ્લાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશ યનમમાં અચાનક પૂર આવવાનું ગંભીર જોખમ વ્યક્ત કર્યું છે.

વાવાઝોડાને લગતી વિભિન્ન દુર્ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થયા છે. રાજ્ય સરકારે પ્રભાવિત પરિવારો માટે તાત્કાલિક રાહત અને આર્થિક સહાયની મોટી જાહેરાત કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.

હવામાન વિભાગના ચક્રવાત ચેતવણી કેન્દ્ર દ્વારા બાપટલા, ગુજંટૂર, એનટીઆર, ક્રિષ્ણા, એલુરુ, પૂર્વ ગોદાવારી, કાકીનાડા, અલ્લૂરી સીતારામ રાજૂ, વિશાખાપટ્ટનમ, વિજયનગરમ, અનકાપલ્લી, પાર્વતીપુરમ મન્યમ અને પશ્ચિમ ગોદાવારી જિલ્લાઓ માટે ફ્લેશ ફ્લડનું હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સતત પડી રહેલા વરસાદને કારણે જમીન પાણીથી સંતૃપ્ત થઈ ગઈ હોવાથી નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થવાની શક્યતા છે. આ ઉપરાંત દરિયામાં ઊંચા મોજા ઉછળવાની અને તટીય વિસ્તારોમાં ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી પણ આપવામાં આવી હતી.

આંધ્રપ્રદેશના અનેક વિસ્તારોમાં રેકોર્ડબ્રેક વરસાદ નોંધાયો છે, જેની વિગતે વાત કરીએ તો, ગરિવિડીમાં ૨૬ સેમી વરસાદ થયો છે. જ્યારે અનાકાપલ્લી, શ્રીંગવરપુકોટા, વેપાડા અને ચીપુરુપલ્લેમાં ૨૫-૨૫ સેમી વરસાદ નોંધાયો છે. આ સાથે ભીમુનિપટ્ટનમ, મેંટાડા અને યેલમંચિલીમાં ૨૪-૨૪ સેમી વરસાદ ખાબક્યો છે. મછલીપટ્ટનમમાં પવનની મહત્તમ ઝડપ ૯૬ કિમી પ્રતિ કલાક જ્યારે વિશાખાપટ્ટનમ અને કાકીનાડામાં ૮૦ કિમી પ્રતિ કલાક નોંધાઈ હતી

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ચક્રવાતે તટથી અથડાવાની (ન્ઠ્ઠહઠ્ઠકઠ્ઠઠ્ઠઠ્ઠ) પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. ત્યારબાદ આ તોફાન ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધીને ધીમે ધીમે નબળું પડી રહ્યું છે. આમ છતાં, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ૩ નવેમ્બર સુધી ગાજવીજ અને વાવાઝોડા સાથે વરસાદી માહોલ જળવાઈ રહેવાની આગાહી કરવામાં આવી છે.

સ્પેનમાં હાઈ સ્પીડ ટ્રેન અકસ્માતમાં ૬૮ લોકોનાં મોત, ૮૦ લોકો ઘાયલ

બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતાં : અકસ્માતને પગલે મેડ્રિડ અને એન્ડાલુસિયામાં ટ્રેન વ્યવહાર બંધ કરાયો



એન્ડાલુસિયા,

મધ્ય સ્પેનમાં બુધવારે એક હાઈ સ્પીડ ટ્રેન ટ્રેક પર રોકાયેલી બીજી ટ્રેનનાં પાછળનાં ભાગ સાથે ટકરાઈ ગઈ હતી. આ ટક્કરને કારણે ટ્રેનનાં બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતાં અને ઓછામાં ઓછા ૬૮ લોકોનાં મોત થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.બુધવારે સ્પેનના દક્ષિણ ભાગમાં આવેલા એન્ડાલુસિયા વિસ્તારમાં બે ટ્રેનો અથડાતા ૮૦ લોકો ઘાયલ થયા છે તેમ એક અધિકારી એડીફે પત્રકારોને અહીં જણાવ્યું હતું.

બુધવારે સવારે ૯ વાગ્યા આસપાસ રેનફે-ટ્રેન કંપની અને ઈરિયો ટ્રેન કંપનીની બંને હાઈસ્પીડ ટ્રેનો પાટનગર મેડ્રિડ તરફ અત્યંત ઝડપે જતી હતી ત્યાં એન્ડાલુસિયા વિસ્તારમાં આ અકસ્માત થયો હતો. સત્તાવાળાઓ આ અકસ્માતનું કારણ શોધી રહ્યા છે તેમજ કેટલાને ઈજાઓ થઈ છે તે શોધી રહ્યા છે.

આ અકસ્માત પછી મેડ્રિડ અને એન્ડાલુસિયા વિસ્તારમાં ટ્રેન વ્યવહાર બંધ કરી દેવાયો હતો. ઘટના એમ બની હતી કે એક ટ્રેન બીજી ટ્રેનના પાછળના ભાગે અથડાઈ પડી હતી તેથી કેટલીયે બોગીઓ પાટા ઉપરથી ઉતરી પણ પડી હતી.આ માહિતી આપતા અધિકારી એડીફે 'એક્સ' પોસ્ટ ઉપર જણાવ્યું હતું કે, ટી.વી. બ્રોડકાસ્ટર કેસ્ટીલ્લા લા મન્યાએ ટી.વી. ઉપર જણાવ્યું હતું કે આ ટ્રેનની બોગીઓ પૈકી એક બોગી તો બીજી બોગી ઉપર ચઢી ગયેલી જોવા મળે છે. આ બંને ટ્રેનના મેટલ (પતરા) પણ વળી ગયેલા દેખાય છે, તેની પેનલ્સ તૂટી ગઈ હતી અને બોગીઓના અન્ય ટુકડાઓ જ્યાં ત્યાં રેલ ટ્રેકની બંને બાજુએ વિખરાયેલા જોવા મળે છે. આ અકસ્માત પછી તરત જ ઈમર્જન્સી સર્વિસીઝ કામે લગાડવામાં આવી હતી. તે પેસેન્જર્સને તત્કાળ ભાંગેલી બોગીઓમાંથી સાચવીને બહાર કાઢી એમ્બ્યુલન્સમાં સુવડાવી દીધા હતા. સાથે આ ટીમો કેટલી હદ સુધી નુકસાન થયું છે. તેનો અંદાજ લગાવી રહી હતી.

જિયો કેવળ નેટવર્ક નહીં, કરોડો ભારતીયોના સપનાંનું જીવંત પ્રતીક: અનંત અંબાણીનું ભાવનાત્મક સંબોધન

સ્ટોક એક્સચેન્જની ઘંટડી મંદિરના પવિત્ર નાદ સમાન: અનંત અંબાણી



મુંબઈ,

રિલાયન્સ જિયોના નેતૃત્વ હેઠળ અનંત અંબાણીએ સ્ટોક એક્સચેન્જ ખાતે એક અત્યંત ભાવનાત્મક, પ્રેરણાદાયી અને ઐતિહાસિ સંબોધન આપ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યની શરૂઆત કૃતજ્ઞતાના ભાવ સાથે કરતા જણા હતું કે સ એક્સચેન્જમાં વાગનારી ઘંટડીનો નાદ તેમના માટે કોઈ સામાન્ય ઘંટડી નહીં, પરંતુ મંદિરના પવિત્ર નાદ સમાન છે, કારણ કે તેમના પરિવાર માટે વ્યવસાય એ માત્ર ધંધો નહીં પરંતુ એક 'પૂજા' છે અને દરેક પૂજાની પૂર્ણાહુતિ પ્રસાદથી થાય છે. આ પવિત્ર અવસરે તેમણે આ સફરને ભગવાન શ્રીગણેશજી, રકાનાથજી, શ્રીનાથજી, બાલાજી અને જીવંત દેવી સમાન ભારતમાતાના ચરણોમાં અર્પણ કરી હતી.

સંબોધનને ળ વધારતા અનંત અંબાણીએ જણાવ્યું હતું કે ભારતની સૌથી મોટી મૂડી તેનાં સપનાં છે. અહીં ભલે કોઈના હાથ ખાલી હોય, પરંતુ આંખોમાં ક્યારેય સપનાં ખાલી હોતાં નથી. તેમણે વર્ષો પહેલાં ચોરવાડના એક સામાન્ય ઘરમાંથી ઉઠેલા અને એડનમાં પેટ્રોલ પંપ પર નોકરી કરનાર દાદાશ્રી ધીરુભાઈ અંબાણીની સંઘર્ષગાથાને યાદ કરી હતી, જેમણે દુનિયાને બતાવ્યું કે એક સામાન્ય ભારતીય પણ અસાધારણ સપનાં જોઈ અને સાકાર કરી શકે છે.

ત્યારબાદ, પિતા મુકેશ અંબાણીએ જામનગરની ઉજ્જડ ધરતી પર વિશ્વની સૌથી મોટી રિફાઈનરી ઊભી કરીને સાબિત કર્યું કે ભારત જ્યારે કંઈક બનાવે છે ત્યારે આખી દુનિયા તેની તરફ છે.એક નવા ભારતનું સપનું દરેક હાથમાં ઈન્ટરનેટ અને દરેક ગામ સુધી આખી દુનિયાની પહોંચ.આ સપનાનું નામ હતું જિયો.આ સપનાનું બીજ ઈશા દીદીએ વાવ્યું અને આકાશ ભાઈએ એ બીજને પોતાના સપનામાં પરિવર્તિત કર્યું.જિયોને સમગ્ર દેશના આશીર્વાદ મળ્યા.માતાએ કહ્યું, "જીઓ મારા લાલ!",દાદીએ આશીર્વાદ આપ્યા, "જુગ જુગ જીઓ!", અને મિત્રોએ કહ્યું, "જીઓ યાર!"કદાચ જિયો દુનિયાનું પહેલું એવું નામ છે, જે પોતે જ એક આશીર્વાદ છે.

જિયો: અંતર ઘટાડનાર અને જીવનને જોડનાર પવિત્ર માધ્યમ

જિયોના વ્યાપક પ્રભાવ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે આજના ડિજિટલ યુગમાં જિયોએ લોકો વચ્ચેના અંતરને ઘટાડી દીધા છે. મહામારીના કપરા કાળમાં શાળાઓ બંધ રહી હોવા છતાં જિયોને કારણે શિક્ષણ અટક્યું નહીં. વીડિયો કૉલના માધ્યમથી પરિવાર વચ્ચેનું અંતર મિટાઈ ગયું; માતા રસોડામાં શાકભાજીનો રંગ જોઈને દીકરાને કૉલ પર રસોઈની રીત શીખવી શકી; નાની નાની જગ્યાઓની યુવતીઓ સોશિયલ મીડિયા પર 'ઈન્ફ્લુએન્સર' બનીને આગળ આવી; અને સરહદ પર તહેનાત જવાન કે મુંબઈના નિષ્ણાત તબીબ રાજસ્થાનના દર્દીને જીવદાન આપવા સક્ષમ બન્યા. આ તમામ બાબતોમાં જોડતી માત્ર એક જ કડી રહી છે. જિયો.



એક આત્મા, એક સંકલ્પ અને વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ

અનંત અંબાણીએ ભારપૂર્વક જણાવ્યું કે ઈશા દીદી, આકાશ ભાઈ અને તેઓ પોતે ભલે ત્રણ અલગ વ્યક્તિઓ તરીકે ઉપસ્થિત હોય, પરંતુ તેમની આત્મા અને સંકલ્પ એક જ છે — ભારતનાં સપનાંઓનું સન્માન કરવું અને તેને સાકાર કરવાં. તેમણે જિયોની ફિલ્ડ ટીમો, ટાવર પર ચઢીને કામ કરનારા ટેક્નિશિયનો, એન્જિનિયરો, સ્ટોર ટીમો અને ૫૩ કરોડ જિયો પરિવારના સભ્યોના અથાગ પરિશ્રમને હૃદયપૂર્વક બિરદાવ્યા હતા.

રશિયાના જાસૂસી સેટેલાઈટે હુથીઓને સાઉદી અરબ પર હુમલામાં મદદ કરી

હુથીઓએ પાઈપલાઈન, સંરક્ષણ મંત્રાલય, ઓઈલ ડેપો, લક્ઝરી બેઝ પર ચોકસાઈપૂર્વક કરેલા હુમલાથી સાઉદી સ્તબ્ધ

દુબઈ,

સાઉદી અરેબિયાના ઓઈલ એકમો અને લશ્કરી બેઝ પર થયેલા હુમલામાં હવે રશિયાની મદદ હોવાનો આરોપ લાગ્યો છે. આ ઘટસ્ફોટે આંતરરાષ્ટ્રીય રાજકીય અને કૂટનીતિક વર્તુળોમાં ધમાલ મચાવી દીધી છે. રશિયાના સરકારી અને લશ્કરી જાસૂસી ઉપગ્રહોએ ઈરાન સમર્થિત હુથીઓ અને ક્ષેત્રમાં સક્રિય અન્ય આતંકી સંગઠનોને સાઉદી અરેબિયાના મહત્ત્વના સ્થળો પર જાણકારી પૂરી પાડવામાં મદદ કરી.

એક ખાનગી જિયોસ્ટેશનરી જાસૂસી કંપનીએ વિશ્લેષણમાં દાવો કર્યો છે કે સાઉદી અરેબિયા પર થયેલા ૪૦ મિસાઈલ અને ડ્રોન હુમલા પહેલા અને પછી સંલગ્ન વિસ્તારો પર સેટેલાઈટની એક્ટિવિટી દેખાઈ હતી. ગયા મહિને ઈરાન સમર્થિત હુથી મિલિશિયાએ ચોકસાઈપૂર્વકનો હુમલો કર્યો. તેમા સાઉદી અરેબિયાની મહત્ત્વની ઓઈલ પાઈપલાઈનના પમ્પિંગ સ્ટેશનને નિશાન બનાવવામાં આવ્યું. તેના કેટલાક દિવસો પછી સાઉદી અરેબિયાના એક લશ્કરી એરબેઝ પર વધુ એક હુમલો થયો. તેમા હેન્ગરની અંદર ઉભેલું ઈટાલિયન લડાકુ વિમાન ક્ષતિગ્રસ્ત થઈ ગયું.

આ હુમલા એકદમ ચોકસાઈપૂર્વકના હતા અને સફળ પણ રહ્યા. આ હુમલાની આટલી જબરદસ્ત ચોકસાઈ પાછળ સ્પેસમાં ચાલતી એક્ટિવિટી સૌથી મહત્વનું કારણ હતી. આ અંગે દાવો કરવામાં આવ્યો છે કે હુમલાના ઘણા દિવસ પહેલા રશિયાના કેટલાય જાસૂસી ઉપગ્રહોએ જાસૂસી કરીને જાણકારી મેળવી હતી. આ માટે તે સાઉદી અરેબિયાની પાઈપલાઈન અને તેના એરબેઝ પર છેક સ્પેસમાંથી ડેરો જમાવ્યો હતો.એક ખાનગી જિયોસ્પેશ્યલ ઈન્ટેલિજન્સ ફર્મે જણાવ્યું હતું કે પહેલી જુલાઈથી ૧૯ ઓક્ટોબર સુધી વચ્ચે યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરો અને ઈરાકમાં ઈરાન સમર્થિત આતંકી સમૂહોએ સાઉદી અરેબિયા પર કરેલા ૪૦ મિસાઈલ અને ડ્રોન હુમલાની તપાસ કરી. ફર્મને દરેક મામલામાં એકસરખી પેટર્ન જોવા મળી. આ હુમલાના કેટલાય દિવસ પહેલા અને પછી તે વિસ્તારો પર રશિયન સરકારની સરકારી અને લશ્કરના સેટેલાઈટ ચક્કર લગાવી રહ્યા હતા.જિનિવા સ્થિત ઓરોરા જિયોસિગ્નલ ઈન્ટેલિજન્સના સ્થાપક નવાફ ઓબૈદે દાવો કર્યો છે કે અમને જે મળ્યું છે તે સેટેલાઈટની પ્રવૃત્તિઓ અને હુમલા વચ્ચે ૧૦૦ ટકા મેળ ખાય છે. આ પરિણામ દર્શાવે છે કે રશિયા ઈરાન અને હુથીઓની મદદ કરી રહ્યું છે, જેથી તે સાઉદી અરેબિયાના ક્રૂડ ઓઈલ અને લશ્કરી માળખાને નિશાન બનાવી શકે. આ હુમલાના લીધે વિશ્વસ્તરે ઉર્જાની કિંમત વધી ગઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઑક્ટોબરે ભીલડીથી બનાસ ડેરીના થરાદ અને રાધનપુર ખાતેના નવા બાયો-સીએનજી પ્લાન્ટ્સનું ખાતમુહૂર્ત કરશે

થરાદ પ્લાન્ટમાં પ્રતિદિન ૭૫ મેટ્રિક ટન અને રાધનપુર ખાતેના પ્લાન્ટમાં પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન છાણનું પ્રોસેસિંગ કરી શકાશે; સ્વચ્છ ઊર્જા અને સેન્દ્રિય ખાતરના ઉત્પાદનને વેગ મળશે







બનાસકાંઠા,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૩૦ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતેથી થરાદ અને રાધનપુર સ્થિત બનાસ ડેરીના બે નવા બાયો-સીએનજી (Bio-CNG) પ્લાન્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. બંને પ્લાન્ટ્સમાં સંયુક્ત રીતે પ્રતિદિન ૧૭૫ મેટ્રિક ટન છાણનું પ્રોસેસિંગ કરી શકાશે. આ પ્લાન્ટ્સથી સ્વચ્છ ઊર્જા અને સેન્દ્રિય ખાતરના ઉત્પાદનને વેગ મળવાની સાથે પશુપાલકોને વધારાની આવક પણ પ્રાપ્ત થશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. બનાસકાંઠા જિલ્લામાં ડેરી સહકારી પ્રવૃત્તિઓનું વ્યાપક નેટવર્ક છે. બનાસ ડેરી પશુઓના છાણનો ઉપયોગ કરીને તેનાથી બાયો-સીએનજી અને ખેતી માટે ઉપયોગી સેન્દ્રિય ખાતરનું ઉત્પાદન કરી રહી છે. આ મૉડલ હેઠળ પશુપાલકો પાસેથી છાણની ખરીદી કરવામાં આવે છે, જેના બદલામાં તેમને પૂરક આવક મળે છે. પ્લાન્ટમાં છાણના પ્રોસેસિંગથી બાયો-સીએનજી તૈયાર થાય છે, જેનો ઉપયોગ વાહનોમાં ઇંધણ તરીકે થઈ શકે છે. પ્રોસેસિંગ બાદ બાકી રહેતી સ્લરીમાંથી ઘન અને પ્રવાહી સેન્દ્રિય ખાતર તૈયાર કરીને 'ભૂમિ અમૃત' બ્રાન્ડ હેઠળ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ગોબરમાંથી તૈયાર થતો બાયો-સીએનજી સામાન્ય સીએનજીની સરખામણીએ રાહતદરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. બનાસ ડેરી દ્વારા દરરોજ આશરે ૬,૧૦૦ કિલોગ્રામ બાયો-સીએનજીનું વેચાણ કરવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં અંદાજે ૨૮ લાખ પશુધન છે, જેમાંથી આશરે ૨૪ લાખ પશુઓ બનાસ ડેરી સાથે સંકળાયેલા પશુપાલકો પાસે છે.

ઓડિશાથી ટ્રાવેલ્સ બસ મારફતે જૂનાગઢ લઈ જવાતો ૫ લાખનો ગાંજો અમદાવાદમાંથી ઝડપાયો

૯.૯૨૦ કિલોગ્રામ ગેરકાયદેસર ગાંજા સાથે મહિલા સહિત બે કેરિયરની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ શહેરના વટવા પોલીસે એસ.પી. રિંગરોડ પર રોપડા ચેકપોસ્ટ પાસેથી ઓડિશાથી જૂનાગઢ તરફ ટ્રાવેલ્સ બસ મારફતે હેરફેર થઈ રહેલો અંદાજે ૪,૯૬,૦૦૦ ની કિંમતનો ૯.૯૨૦ કિલોગ્રામ ગેરકાયદેસર ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે આ કેસમાં મહિલા સહિત બે કેરિયર્સની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

વટવા પોલીસ સ્ટેશનની ટીમને બાતમી મળી હતી કે, એક સ્ત્રી અને પુરુષ પ્લાસ્ટિકની થેલીઓમાં કપડાંની આડમાં પ્રતિબંધિત માદક પદાર્થ લઈને વટવા રિંગરોડ રોપડા ચાર રસ્તા પાસેથી પસાર થવાના છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા કરીમશા મહેબુબશા રફાઈ અને રિજવાનાબાનું આમદભાઈ સેહતા (બંને રહે. જૂનાગઢ)ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસે રહેલી પ્લાસ્ટિકની ત્રણ થેલીઓની તલાશી લેતા તેમાંથી ૬ અલગ-અલગ પાર્સલમાંથી કુલ ૯ કિલો ૯૨૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે, પકડાયેલી મહિલા રિજવાનાના પતિ સાથે છૂટાછેડા થઈ ગયા હતા. પરિસ્થિતિ વણસતાં અને આર્થિક તંગી સર્જાતા તે આ ગેરકાયદે નેટવર્કમાં જોડાઈ હતી. અગાઉ પણ તે જૂનાગઢના આદિલ સૈયદ અને વેરાવળના ફૈજાન મેમણના કહેવાથી ૪ થી ૫ વખત ઓડિશાથી ગાંજો લાવી ચૂકી છે.

આ કેસના માસ્ટરમાઈન્ડ આદિલ અને ફૈજાને આ ફેરા માટે રિજવાનાને ૧ લાખ રોકડા આપ્યા હતા, જેમાંથી તેણે ?૯૦,૦૦૦ ઓડિશાના બેરામલ ગામે રહેતા રબીદાસ નામના શખ્સને માલની કિંમત પેટે ચૂકવ્યા હતા અને બાકીના નાણાં ખર્ચ માટે રાખ્યા હતા.

દસક્રોઈ તાલુકા ખરીદ-વેચાણ સંઘની ચૂંટણીમાં ભાજપનો દબદબો: ૧૫ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયા

મંડળી વિભાગના ૧૨ અને વ્યક્તિગત વિભાગના ૩ મળી કુલ ૧૫ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયા

અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના તાલુકા સહકારી ક્ષેત્રે ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર પોતાનો દબદબો સાબિત કર્યો છે. દસક્રોઈ તાલુકા ખરીદ-વેચાણ સંઘની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ સાથે મેદાનમાં ઉતરેલા મંડળી વિભાગના ૧૨ અને વ્યક્તિગત વિભાગના ૩ મળી કુલ ૧૫ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

આ ચૂંટણીની સૌથી મોટી વિશેષતા એ રહી છે કે બિનહરીફ ચૂંટાયેલા કુલ ૧૫ સભ્યોમાંથી સૌથી વધુ ૧૨ ઉમેદવારો પટેલ સમાજના છે. આના પગલે સહકારી ક્ષેત્રે પાટીદાર સમાજનું પરંપરાગત પ્રભુત્વ ફરી એકવાર ઉજાગર થયું છે. આ ભવ્ય સફળતાથી પક્ષના સંગઠનમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. જે અમદાવાદ જિલ્લા ભાજપ અધ્યક્ષ શૈલેષભાઈ દાવડા તથા દસક્રોઈ વિધાનસભાના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલની સક્રિયતાને કારણે સાકાર બન્યો છે. જોકે, ભાજપે જીત માટેની રણનીતિ મુજબ પક્ષ દ્વારા જે ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યું હતું, તેમની સામે અન્ય કોઈ દાવદારી ન રહેતા સમગ્ર પેનલ સમરસ જાહેર થઈ છે. આ ચૂંટણીમાં સૌથી વધુ ૧૨ પટેલ ઉમેદવારોની બિનહરીફ વરણી એ ભારતીય જનતા પાર્ટીના સંગઠનની આંતરિક એકતા, સામાજિક સમીકરણો પર મજબૂત પકડ અને પક્ષના મોવડીમંડળના નેતૃત્વ પ્રત્યે સહકારી ક્ષેત્રના મતદારોના વિશ્વાસનું જીવંત પ્રતીક છે.

SVNM ટ્રસ્ટ નવસારીમાં રૂ. ૪૫૦ કરોડના ખર્ચે ગુજરાતની સૌપ્રથમ અત્યાધુનિક સુપર સ્પેશ્યાલિટી આઈ હોસ્પિટલ 'દ્રષ્ટિ ધામ'નું નિર્માણ કરશે

આંખના દર્દોથી પીડાતા ૧ કરોડ દર્દીઓને અંધત્વ મુક્ત કરવા તેમજ અંધજનોને પગભર કરવા માટે વ્યવસાયિક તાલીમ કેન્દ્ર સ્થાપવાનો SVNM ટ્રસ્ટનો નિઃસ્વાર્થ સમાજપયોગી સંકલ્પ

અમદાવાદ,

સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ (SVNM Trust) દ્વારા નવસારીના સુપા ગામની સેવાભાવી ધરા પર દ્રષ્ટિહીન વ્યક્તિઓની આંખોમાં રોશની પ્રગટાવવાના સંકલ્પને વધુ પરિપૂર્ણ બનાવવા તથા દ્રષ્ટિહીન લોકોને અંધકારથી ઉજાસ તરફ લાવવાના ઘર ઘર દ્રષ્ટિ અભિયાનના સેવામય પ્રયાસના ભાગરૂપે ૩.૪૫૦ કરોડના ખર્ચે વૈશ્વિક સ્તરની સુવિધા સભર અત્યાધુનિક સુપર



સ્પેશ્યાલિટી આઈ હોસ્પિટલ 'દ્રષ્ટિ ધામ'નું નિર્માણ કરશે. પશ્ચિમ ભારતની વિશ્વકક્ષાની અત્યાધુનિક સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર, સુપા ગામ (ગુરૂકુલ), નવસારી ખાતે તા. ૦૫, થી ૧૩ , ડીસેમ્બર-૨૦૨૬ દરમિયાન વિશ્વ વંદનીય, સંત વિભૂતિ, પરમ પૂજ્યશ્રી મોરારી બાપુની 'શ્રી રામ કથા'નું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ(SVNM Trust)ના પ્રમુખ ડો. ભાવિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં આંખોની તકલીફો ખૂબ જ ઝડપથી વધતી જોવા મળે છે, જેના અનુસંધાને નવસારી જીલ્લાના સુપા ગામ ખાતે આશરે ૧૬ વીઘા જમીનમાં ૨૦૦ બેડ, ૨૧ ઓપરેશન થિયેટર અને 64 OPD ધરાવતી અત્યાધુનિક સુપર સ્પેશ્યાલિટિ આઈ હોસ્પિટલ 'દ્રષ્ટિ ધામ'નું નિર્માણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ 'દ્રષ્ટિ ધામ'માં આંખના વિવિધ રોગો જેવા કે મોતિયો, ગ્લુકોમા, રેટિના સંબંધિત રોગોના નિષ્ણાત ડૉક્ટરોની સારવાર ઉપલબ્ધ રહેશે. આ 'દ્રષ્ટિ ધામ'માં વર્ષે અંદાજે ૧,૨૦,૦૦૦ ઓપરેશનો થઈ શકે તેવી સુવિધાઓ હશે. જેમાં મોતિયા,પડદાના, ઝામરના કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનો કરવામાં આવશે. તેમજ આંખની દરેક અસાધ્ય બીમારીઓની સારવાર કરવામાં આવશે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય આંખના રોગોથી પીડાતા દરેક દર્દીઓની પીડા દુર કરી તેમના મુખ પર હાસ્ય લાવવાનું છે. આ હોસ્પિટલનો મુખ્ય હેતુ સમાજના છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ અને રાહત દરે અથવા નિઃશુલ્ક નેત્ર સારવાર પહોંચાડવાનો છે.

યુવકને વર્ક વિઝાના બદલે ટુરિસ્ટ વિઝા પર દુબઈ મોકલી શારજાહમાં રઝળતો મૂકી દીધો

યુરોપ અને દુબઈમાં વર્ક પરમિટ અપાવવાની લાલચે અમદાવાદના યુવક સાથે ૧૧.૬૫ લાખની ઠગાઈ

અમદાવાદ,

યુરોપ અને દુબઈમાં વર્ક પરમિટ સાથે ઊંચા પગારની નોકરી અપાવવાની લાલચ આપીને નારણપુરાના ૩૭ વર્ષીય યુવક સાથે ૧૧.૬૫ લાખ રૂપિયાની ઠગાઈ થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. વિઝા એજન્ટ દેવલ હેમંતકુમાર જોષીએ નોર્વેની સેમસંગ કંપનીમાં નોકરી અપાવવાના નામે નકલી ઓફર લેટર મોકલ્યો હતો. ત્યારબાદ યુવકને વર્ક વિઝાના બદલે ૬૦ દિવસના ટુરિસ્ટ વિઝા પર દુબઈ મોકલી શારજાહમાં રઝળતો મૂકી દીધો હોવાનો આક્ષેપ છે. આ મામલે યુવકે આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે

નારણપુરામાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા ચિંતનભાઈ શાહની માર્ચ ૨૦૨૪માં તેમની દીકરીની સ્કૂલના પ્રિન્સિપાલ મારફતે દેવલ જોષી સાથે મુલાકાત થઈ હતી. દેવલે પોતાને વિઝા



અને એલઆઈસી એજન્ટ ગણાવી યુરોપના દેશોમાં વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી. આ માટે તેણે ૧૫ લાખ રૂપિયાની માગણી કરી હતી. ફરિયાદ મુજબ, ચિંતનભાઈએ વિશ્વાસમાં આવીને ઓનલાઈન ટ્રાન્સફર અને રોકડ સહિત અલગ-અલગ હપ્તામાં કુલ ૧૬.૬૫ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. દેવલે શરૂઆતમાં પોલેન્ડમાં અને ત્યારબાદ નોર્વેની સેમસંગ કંપનીમાં નોકરી અપાવવાની વાત કરી હતી.

ગાંધીનગરમાં પીએસઆઈ ઝાલાનો સર્વિસ રિવોલ્વરથી ગોળી ધરબી આપઘાત

પીએસઆઈ લાંબા સમયથી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત હતા

ગાંધીનગર,

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સિક્યોરિટીમાં ફરજ બજાવતા પીએસઆઈ ઝાલાએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી આપઘાત કરી લેતાં પોલીસ બેડામાં ચકચાર મચી હતી. મૃતક પીએસઆઈ લાંબા સમયથી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને મુખ્યમંત્રીની સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત હતા.

ઘટનાની ગંભીરતાને જોઈને ગાંધીનગર પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે.

પીએસઆઈ ઝાલાની આત્મહત્યા પાછળ કૌટુંબિક કારણો અથવા અંગત પારિવારિક વિવાદ હોવાનું લાગી રહ્યુ છે. પીએસઆઈ છેલ્લા કેટલાક દિવસોથી કોઈ માનસિક તણાવ કે પારિવારિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા કે કેમ તે અંગે તેમના પરિવારજનો, નજીકના મિત્રો અને સાથી કર્મીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

અમદાવાદમાં નારોલ-નરોડા હાઈવે પર ખારીકટ કેનાલમાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળ્યો

ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી બાળકીના મૃતદેહને બહાર કાઢ્યો

અમદાવાદ,

અમદાવાદ શહેરના નારોલ-નરોડા નેશનલ હાઈવે નંબર-૮ પર એક્સપ્રેસ હાઈવે નજીકથી ગોરના કુવા તરફ જતી ખારીકટ કેનાલમાંથી બે દિવસની નવજાત બાળકીનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક નાગરિકોએ કેનાલમાં તરતો મૃતદેહ જોતાં તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી બાળકીના મૃતદેહને બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં બાળકીના શરીર સાથે નાળ જોડાયેલી હોવાનું સામે આવ્યું છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, બપોરના સમયે કેનાલ પાસે લોકોની નજર પાણીમાં પડેલા નવજાત શિશુ પર પડી હતી. જોતજોતામાં કેનાલ



કિનારે લોકોનાં ભારે ટોળેટોળાં એકત્ર થઈ ગયાં હતાં. ફાયર બ્રિગેડના જવાનોએ કેનાલમાંથી આશરે બે દિવસની બાળકીનો મૃતદેહ બહાર કાઢ્યો ત્યારે તેના શરીર પર નાળ જોડાયેલી હતી. આ હકીકત જોતાં બાળકીનો તાજો જ જન્મ થયો હોય અને કોઈ કારણોસર જન્મ બાદ તરત જ તેને કેનાલમાં ફેંકી દઈ ત્યજી દેવાઈ હોવાની પ્રબળ આશંકા છે. જોકે બાળકી જીવિત અવસ્થામાં કેનાલમાં ફેંકાઈ હતી કે તેના મોત બાદ ફેંકવામાં આવી, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

અમદાવાદમાં ફટાકડા ઉત્પાદનના તમામ લાયસન્સ રદ શહેરમાં હવે એકપણ મેન્યુફેક્ચરિંગ યુનિટ ચાલુ નહીં રહે

ફટાકડાના ગેરકાયદે ઉત્પાદન અને વેચાણ સામે પોલીસ વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવી

અમદાવાદ,તા.૨૮

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેરમાં ફટાકડાના ગેરકાયદે ઉત્પાદન અને વેચાણ સામે પોલીસ વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. શહેરમાં અગાઉ ફટાકડા ઉત્પાદન માટે આપવામાં આવેલા તમામ ૬ પરવાના રદ અને મોકૂફ કરી દેવામાં આવ્યા છે, જેથી હાલ અમદાવાદ શહેરમાં એકપણ કાયમી ફટાકડા ઉત્પાદન એકમ કાર્યરત નથી.

આ ઉપરાંત, કાયમી ધોરણે ફટાકડા વેચાણ કરતા ૧૪૫ દુકાનદારો પૈકી નિયમોનું ઉલ્લંઘન



કરનારા ૯ એકમોના લાયસન્સ રદ કરી ૭ મોકૂફ કરાયા છે, જ્યારે બાંધકામના નિયમો ન જાળવનારા ૧૭ વેપારીઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. તહેવારો દરમિયાન હંગામી ધોરણે સ્ટોલ કે વેચાણ માટે અત્યાર સુધીમાં મળેલી ૯૬ અરજીઓ પૈકી યોગ્ય અભિપ્રાય ધરાવતી ૧૪ અરજીઓને તાકીદે મંજૂરી આપવામાં આવી છે.

શહેરમાં ફટાકડાના ઉત્પાદન અને વેચાણ માટે કાયમી તેમજ હંગામી ધોરણે અલગ-અલગ લાયસન્સ ઇશ્યૂ કરવામાં આવતા હોય છે. શહેરમાં ફટાકડા ઉત્પાદન માટે અગાઉ ૬ પરવાના હતા, જે તમામ રામોલ વિસ્તારમાં આવેલા એકમો હતા. તાજેતરમાં બનેલી ઘટના બાદ આ ૬ પૈકી ૪ એકમોના લાયસન્સ કાયમી ધોરણે રદ કરી દેવાયા છે અને ૨ એકમોના પરવાના મોકૂફ કરાયા છે. પરિણામે, હવે અમદાવાદ શહેરમાં ફટાકડા બનાવવાની એક પણ મંજૂરી અસ્તિત્વમાં નથી.

વેચાણ પરવાના અંગે તેમણે સ્પષ્ટતા કરી હતી કે, શહેરમાં કુલ ૧૪૫ કાયમી વેચાણ પરવાનામાંથી ૧૦૫ લાયસન્સ રિન્યૂ કરાયા છે, જ્યારે ૯ લાયસન્સ રદ અને ૭ મોકૂફ રખાયા છે. બાકી રહેલા ૨૪ પૈકી ફાયર બ્રિગેડ સહિતની વિવિધ એજન્સીઓના અભિપ્રાય હેઠળ ૭ પરવાનાની પ્રક્રિયા ચાલુ છે, જ્યારે નિયમ અનુસારનું બાંધકામ ન હોવાનું સામે આવતાં ૧૭ દુકાનદારોને લાયસન્સ રદ કરવા અંગેની નોટિસ આપવામાં આવી છે.

અમદાવાદમાં જિજ્ઞેશ પટેલ લિખિત ત્રણ પ્રેરણાદાયી પુસ્તકોનું ભવ્ય વિમોચન કરાયું

અમદાવાદ,

જીવનની સફરમાં જ્યારે પણ આશાનું નવું કિરણ શોધવું હોય કે મનમાં સકારાત્મકતાનો સંચાર કરવો હોય, ત્યારે એક ઉત્તમ પુસ્તક જ સાચા મિત્ર અને માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. 'મંતવ્ય ન્યૂઝ ના શ્રી જિજ્ઞેશ પટેલ દ્વારા લિખિત ત્રણ પ્રેરણાદાયી પુસ્તકો માત્ર વાચન પૂરતાં સીમિત નથી, પરંતુ દરેક પેઢીની વ્યક્તિ માટે જીવનને ઉત્સાહથી જીવવા અને દરેક પરિસ્થિતિમાં આગળ વધવાનો એક નક્કર 'રોડમેપ' છે. આ પુસ્તકોનો ભવ્ય વિમોચન સમારોહ "મનની વાત, મંતવ્ય રૂપે - A Conversation of Thoughts, Stroies, and Perspectives"



થીમ હેઠળ સોમવાર, ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ ગરિમામય કાર્યક્રમનું આયોજન 'મંતવ્ય ન્યૂઝ, આદર્શ પ્રકાશન , 'કર્મા ફાઉન્ડેશન' અને 'ગુજરાતી બુક ક્લબ'ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકીય, સામાજિક અને સાહિત્ય ક્ષેત્રના અનેક ગણમાન્ય મહાનુભાવો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, પ્રખ્યાત મોટિવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલ અને જાણીતાં આર.જે. દેવકીએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી તથા પોતાના વરદ્ હસ્તે પુસ્તકોનું વિમોચન કર્યું હતું.

સમારોહ દરમિયાન વિમોચિત કરાયેલાં આ ત્રણેય પુસ્તકો વાચકો માટે પ્રેરણાનો અખૂટ સ્રોત બની રહેશે:

'Love You જિંદગી': આ પ્રથમ પુસ્તક જીવનની દરેક પળને મનભરીને જીવવાની કળા શીખવે છે. તે મનમાં સકારાત્મક ઊર્જાનો સંચાર કરીને જિંદગી પ્રત્યે અથાગ પ્રેમ જાગૃત કરે છે તેમજ દરેક ક્ષણને ઉત્સાહ, આનંદ અને આશા સાથે જીવવાની સચોટ ચાવી પૂરી પાડે છે.

ખાંભા તાલુકા પંચાયત ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અંગે આશા વર્કર અને ફિમેલ હેલ્થ વર્કર બહેનોને અપાયું માર્ગદર્શન

અમરેલી:

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં તાલુકા આરોગ્ય કચેરી અને આઈ.સી.ડી.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત તાલુકા પંચાયત ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી શિવલાલભાઈ સુદાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં આશા વર્કર અને ફિમેલ હેલ્થ વર્કર બહેનોને પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અંગે જાગૃત કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી શૈલેષભાઈ કણઝરિયા, આસીસ્ટન્ટ ટી.ડી.ઓ. શ્રી કાપડી, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. જિગ્નેશભાઈ ગોસ્વામી, સી.ડી.પી.ઓ. શ્રીમતી દક્ષાબેન ભટ્ટ, તાલુકા હેલ્થ સુપરવાઈઝર શ્રી વાળાભાઈ, નારી અદાલતના જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રીમતી જસુબેન ભંડેરી, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના શ્રી હિતેશભાઈ મકવાણા, પી.એલ.વી. શ્રી ગોહિલભાઈ સહિત ડી.એચ.ઈ.ડબલ્યુ., ઓ.એસ.સી. અને સંબંધિત વિભાગોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી શૈલેષભાઈ કણઝરિયાએ કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. જિગ્નેશભાઈ ગોસ્વામીએ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટની જોગવાઈઓ, તેના મહત્ત્વ અને કાયદાના પાલન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સી.ડી.પી.ઓ. શ્રીમતી દક્ષાબેન ભટ્ટે પણ કાર્યક્રમને અનુરૂપ સંદેશ આપ્યો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી શિવલાલભાઈ સુદાણીએ ઉપસ્થિત બહેનોને પ્રેરણાદાયી સંદેશ આપીને દીકરીઓના સંરક્ષણ અને સશક્તિકરણ માટે જાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો.

નારી અદાલતનાં જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રીમતી જસુબેન ભંડેરીએ નારી અદાલતની કામગીરી અને મહિલાઓને મળતી સહાય અંગે સમજણ આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના શ્રીમતી રંજનબેને સેન્ટર દ્વારા મહિલાઓને પૂરી પાડવામાં આવતી સેવાઓ વિશે માહિતી આપી હતી. જ્યારે શ્રીમતી મીનાક્ષીબેન મકવાણાએ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતા.

અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ભુરખીયા ગામે લીગલ મેગા ડ્રાઈવ સંપન્ન

કાનૂની સેવાઓ અને સરકારી યોજનાઓનો ઘરઆંગણે લાભ : ૮૪૮ ગ્રામજનોના પ્રશ્નોનું નિરાકરણ

અમરેલી:

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ ગ્રામીણ સ્તરે કાનૂની સેવાઓ અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવાના હેતુથી અમરેલી જિલ્લાના ભુરખીયા ગામે ૬૦ દિવસીય 'લીગલ મેગા ડ્રાઈવ'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ગુજરાતમાંથી પસંદ કરાયેલા માત્ર સાત ગામોમાં ભુરખીયા ગામનો સમાવેશ થયો હતો. આશરે ૨,૪૦૦ની વસ્તી ધરાવતા આ ખેતીપ્રધાન ગામમાં વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો, વિધવાઓ સહિતના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગોને ઘરઆંગણે વિવિધ સેવાઓનો લાભ પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઝુંબેશના અંતે કુલ ૮૪૮ ગ્રામજનોને કાનૂની સેવાઓ અને સરકારી યોજનાઓનો સીધો લાભ મળ્યો હતો.

મેગા ડ્રાઈવના પ્રારંભે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ શ્રી આર.કે. દેસાઈની ઉપસ્થિતિમાં વહીવટી વિભાગોના અધિકારીઓ, ભુરખીયા મંદિર ટ્રસ્ટ અને ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ સાથે સંકલન બેઠક યોજાઈ હતી. ત્યારબાદ પેરા-લીગલ વોલન્ટિયર્સ દ્વારા ગામમાં ઘરે-ઘરે જઈને સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણ દરમિયાન ગ્રામજનોની સામાજિક-આર્થિક સ્થિતિ, દસ્તાવેજોને લગતી સમસ્યાઓ અને સરકારી યોજનાઓના લાભ મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગેની વિગતો એકત્રિત કરવામાં આવી હતી.

ગ્રામજનોના દસ્તાવેજી પ્રશ્નોના સ્થળ પર જ નિરાકરણ માટે સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિશેષ સુવિધા કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં આધાર કાર્ડ, રેશન કાર્ડ, ચૂંટણી કાર્ડ, આયુષ્માન કાર્ડ સહિતના દસ્તાવેજો અને વિવિધ સરકારી સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી ૨૭ લાભાર્થીઓને કીટ અને મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા બેન્કિંગ કેમ્પ યોજવાની સાથે એસ.બી.આઈ આર.સેટી દ્વારા સ્વરોજગારલક્ષી તાલીમ અંગે માહિતી આપવામાં આવી હતી.

આરોગ્યલક્ષી સેવાઓ અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે તબીબી તપાસ અને નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યા હતા. દિવ્યાંગ નાગરિકોને યુનિક ડિસેબિલિટી આઈડેન્ટિટી (UDID) કાર્ડ મેળવવામાં મદદ કરવામાં આવી હતી. મોસમી ખેતમજૂરો અને બાળકોને રેશનિંગ તથા આંગણવાડી સેવાઓ સાથે જોડવા માટે પણ જરૂરી કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત, નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા પ્રતિજ્ઞા કાર્યક્રમ, બાળલગ્ન અટકાવવા જાગૃતિ અભિયાન, ખેડૂતો માટે લઘુતમ ટેકાના ભાવ (MSP) નોંધણી હેલ્પ ડેસ્ક અને શાળાના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ શ્રી આર.કે. દેસાઈ, ફુલ-ટાઇમ સેક્રેટરી શ્રી પ્રખર શર્મા, લાઠી તાલુકા કાનૂની સેવા સમિતિ, લાઠી તાલુકા વહીવટી તંત્ર, ગ્રામ પંચાયત અને ભુરખીયા મંદિર ટ્રસ્ટના સંકલિત પ્રયાસોથી આ મેગા ડ્રાઈવ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ પહેલના પરિણામે ગ્રામજનોને કાનૂની માર્ગદર્શન, સરકારી યોજનાઓની માહિતી અને વિવિધ જનકલ્યાણકારી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ બની હતી.

વિદ્યાસભાના ગજેરા કેમ્પસમાં જ્ઞાન ભંડારમાં વધારોઃ લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબ અર્પણ

પુસ્તક એટલે જ્ઞાનનો ભંડાર અને આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરનાર : વસંત ગજેરા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને પુસ્તકો એ જ્ઞાન, વિચારશક્તિ તથા જીવનઘડતરના અમૂલ્ય સાધનો છે. આ જ ઉમદા ભાવનાને સાકાર કરતાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા અમરેલીના પુસ્તકાલયને આશરે ૫૦૦ જેટલાં પુસ્તકો અર્પણ કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે અભિરુચિ કેળવાય, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે અને અભ્યાસની સાથે વિચારશક્તિનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી કરવામાં આવેલું આ કાર્ય સમાજસેવાનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યું છે.





લાયન્સ ક્લબ દ્વારા કરવામાં આવેલું આ પુસ્તક અર્પણ કાર્ય માત્ર પુસ્તકોનું દાન નથી, પરંતુ વિદ્યાર્થીઓના જ્ઞાનવર્ધન, વ્યક્તિત્વ ઘડતર અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં કરવામાં આવેલું મૂલ્યવાન રોકાણ છે. પુસ્તકાલય એ કોઈપણ શૈક્ષણિક સંસ્થાનું જ્ઞાનકેન્દ્ર છે. અહીં ઉપલબ્ધ થનારાં પુસ્તકો વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકોથી આગળ વધીને સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ, જીવનમૂલ્યો અને વિવિધ જ્ઞાનક્ષેત્રો સાથે પરિચિત થવાની તક પૂરી પાડશે. આ પહેલ વિદ્યાર્થીઓમાં સ્વાધ્યાયની ટેવ, સર્જનાત્મકતા, તર્કશક્તિ અને જીવનભર શીખતા રહેવાની ભાવનાને પ્રોત્સાહન આપશે.

વર્ષ ૧૯૫૯થી શિક્ષણક્ષેત્રે કાર્યરત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા, અમરેલી શિક્ષણની સાથે સંસ્કાર, શિસ્ત, કૌશલ્ય અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતી શૈક્ષણિક સંસ્થા તરીકે પોતાની પરંપરાને આગળ ધપાવી રહી છે.

બદલાતા સમયની જરૂરિયાતોને અનુરૂપ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવાની તકો અને જ્ઞાનસભર વાતાવરણ પૂરું પાડવાની દિશામાં સંસ્થા સતત પ્રયત્નશીલ છે. આવા સમયે પુસ્તકાલયને મળેલું આ પુસ્તકદાન સંસ્થાના શૈક્ષણિક પ્રયાસોને વધુ સમૃદ્ધ બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે.

આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનના હોદ્દેદારો લાયન વસંતભાઈ મોવલિયા, લાયન હાર્દિકભાઈ મહેતા, લાયન જયકિશનભાઈ દેવાણી, લાયન સમીરભાઈ કલકાણી, લાયન કાંતિભાઈ વઘાસિયા અને લાયન દિનેશભાઈ ભુવા, લાયન કૌશિકભાઈ હપાણી, લાયન વિજયભાઈ વસાણી, લાયન જતીનભાઈ સુખડિયા, લાયન રાજેશભાઈ ઝાલાવાડિયા, લાયન ગોરધનભાઈ માંદલિયા તથા રાજકોટના ઝોન ચેરપર્સન લાયન હસમુખભાઈ પટેલ સહિત લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા શિક્ષણ અને જ્ઞાનના પ્રસાર માટે હાથ ધરવામાં આવેલી આ પહેલ પ્રશંસનીય છે. સમાજના વિવિધ ક્ષેત્રોમાં સેવાભાવના સાથે કાર્ય કરતી સંસ્થાઓ જ્યારે શિક્ષણના વિકાસમાં સહભાગી બને છે, ત્યારે તેની સકારાત્મક અસર માત્ર એક સંસ્થા પૂરતી સીમિત રહેતી નથી, પરંતુ સમગ્ર સમાજના ભવિષ્યને સમૃદ્ધ બનાવે છે. આ પુસ્તકદાન દ્વારા લાયન્સ ક્લબે વિદ્યાર્થીઓના જ્ઞાનવિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તે માટે તમામને સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ અને મનસુખભાઈ ધનાણી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ગજેરા કેમ્પસ પરિવાર દ્વારા લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનના તમામ મહાનુભાવો, હોદ્દેદારો અને સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. તમામ સભ્યોને આવકારને આભાર વ્યક્ત કરતા સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ફક્ત લાઈબ્રેરીના પુસ્તકો વધારવા માટે નહીં પણ હજારો વિદ્યાર્થીઓને જીવન ઘડતરની નવી દિશા આપવાનુ કાર્ય કરશે, સંસ્થાને વિશ્વાસ છે કે આ પુસ્તકો વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રાપ્તિના નવા દ્વાર ખોલશે અને વાંચન સંસ્કૃતિને વધુ મજબૂત બનાવશે.

રવિ ઋતુ પાક આયોજન અને ખેડૂતો માટે અગત્યની માર્ગદર્શિકા

અમરેલીઃ ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષ દરમિયાન રવિ ઋતુના પાક આયોજન અને પિયત વ્યવસ્થાપન સંદર્ભે ખેડૂતો માટે મહત્વપૂર્ણ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. વૈશ્વિક સ્તરે 'અલ નીનો'ની પ્રવર્તમાન અસરને પગલે ચોમાસા દરમિયાન વરસાદમાં થયેલી અનિયમિતતા અને જળાશયોમાં પાણીની અછતની પરિસ્થિતિને ધ્યાને રાખીને, ખેડૂત મિત્રોને પોતાના ખેતરમાં ઉપલબ્ધ પિયતના સ્ત્રોત અનુસાર જ પાકોની પસંદગી અને વાવેતર કરવા ખાસ અપીલ કરવામાં આવી છે.



ખેતી નિયામકની કચેરી દ્વારા ખેતી વિષયક ખાસ સાવચેતીઓ અંગે જણાવાયું છે કે, ખરીફ પાકની લણણી બાદ રવિ પાક માટે સમયસર જમીન તૈયાર કરવી જેથી જમીનમાં રહેલા ભેજનો મહત્તમ લાભ લઈ શકાય. વાવણી પૂર્વે ભલામણ કરેલ ફૂગનાશક તેમજ કીટકનાશક દવાનો પટ આપવો અને રાઈઝોબિયમ કે પીએસબી જેવા જૈવિક ખાતરોનો ઉપયોગ કરવો. વાવણી સમયે બીજનો દર ૧૫ થી ૨૦ ટકા વધારવો તથા બે હાર વચ્ચેનું અંતર ઘટાડવું જેથી એકમ દીઠ છોડની પૂરતી સંખ્યા જળવાઈ રહે.

પાણીની બચત માટે ખુલ્લા ધોરિયા પિયત પદ્ધતિના બદલે ટપક પદ્ધતિ અપનાવવી, જેનાથી ૩૫% થી ૫૦% સુધી પાણીની બચત થઈ શકે છે. આ ઉપરાંત, જમીનમાં સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરવાથી ભેજ સંગ્રહ ક્ષમતા વધે છે તેમજ પાકના અવશેષોથી મલ્ચિંગ કરવાથી અને પિયત બાદ વરાપ થયે હળવી આંતરખેડ કરવાથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે. તમામ વાવેતર અને પિયતનું આયોજન હવામાન વિભાગની આગાહી તથા કૃષિ યુનિવર્સિટીઓની ભલામણોને આધીન જ કરવું હિતાવહ છે.

રવિ ઋતુ માટે ભલામણ કરાયેલા મુખ્ય પાકો અને તેની સુધારેલી જાતોમાં ચણા (ગુજરાત ચણા ૧, ૨, ૫, ૭, ૮, ૧૪, ગુજરાત ચણા ૬ (બિનપિયત) તથા ગુજરાત જૂનાગઢ ચણા-૩, ૬), રાયડો (ગુજરાત રાયડો-૭, ૮ અને જી.ડી.એમ-૪), જીરું (ગુજરાત જીરું-૪), ધાણા (ગુજરાત ધાણા-૪), વાલ/પાપડી (જી.એન.આઈ.બી.-૨૧, ગુ.વાલ-૨), ચોળા (ગુ. શાકભાજી ચોળી ૯), સુવા (જી.એ.ડી.-૧, જી.ડી.-૩), મગ (સીઓ૪), અડદ (જી.યુ.-૨, ૩, ૪), અજમો (ગુજરાત અજમો ૨, ૩), રાજગરો (જી.એ.-૫, ૬) તેમજ ઘાસચારો જેવા કે રજકો (આણંદ-૨), ઓટમ્ /જવ (કેન્ટ), જુવાર (જી.એફ.એસ.-૫, ૬, ૭, સી.એસ.વિ.-૨૧એસ, ૪૬એસ) અને મકાઈ (ગુજરાત આણંદ પીળી મકાઈ સંકર ૩, આફ્રિકન ટોલ આણંદ ટોલ) જેવી જાતોની પસંદગી કરવા જણાવાયું છે.આ અંગે વધુ માહિતી કે માર્ગદર્શન માટે ખેડૂતોએ પોતાના વિસ્તારના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી અથવા તાલુકા/જિલ્લા ખેતીવાડી કચેરીનો સંપર્ક કરવો.

બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખવા ખેડૂતોને અનુરોધ

અધિકૃત વિક્રેતા પાસેથી જ ખરીદી કરી પાકું બિલ મેળવવા તથા મુદત પૂરી થયેલાં ઈનપુટ્સની ખરીદી ટાળવા અપીલ

અમરેલી:

અમરેલી જિલ્લાના ખેડૂતોને શિયાળુ સીઝન દરમિયાન ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખાસ સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવે છે. ખેતીમાં ઉપયોગમાં લેવાતાં આ ઈનપુટ્સની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ અથવા પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ તથા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવી જોઈએ. ખેડૂતો છેતરપિંડીથી બચી શકે તે માટે લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરિયાઓ કે અન્ય લેભાગુ તત્ત્વો પાસેથી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી ન કરવા ખાસ કાળજી રાખવી જરૂરી છે.

ખેડૂતોએ ખરીદી કરતી વખતે વેપારી પાસેથી લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર સહિતની જરૂરી વિગતો દર્શાવતું પાકું બિલ વેપારીની સહી સાથે અવશ્ય મેળવી લેવું. આ ઉપરાંત, મુદત પૂરી થઈ ગયેલાં બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓની ખરીદી ટાળવી અને ખેતીમાં હંમેશાં વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો જોઈએ.

જિલ્લામાં ક્યાંય અનધિકૃત રીતે અથવા ભળતાં નામે અમાન્ય બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે, તો ખેડૂતોએ તાત્કાલિક સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલીનો સંપર્ક કરી જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આત્મનિર્ભર ભારત : આત્મનિર્ભર નારી: અમરેલી ખાતે "સરસ મેળા-૨૦૨૬"નો શુભારંભ

ઉપ સ્ટોલના આયોજન સાથે સ્વસહાય જૂથોના ઉત્પાદનો દિવાળીની ખરીદી માટે આકર્ષણનું કેન્દ્ર:"દીન દયાળ અંત્યોદય" યોજના અંતર્ગત જય ઠાકરધણી આજીવિકા મંડળને રૂ. ૬,૫૦,૦૦૦ની કેશ ક્રેડિટ લોનની સહાય અપાઈ







અમરેલી: ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. દ્વારા આયોજિત "સરસ મેળા-૨૦૨૬"નો આજરોજ અમરેલીના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે જિલ્લાના અગ્રણીશ્રી અતુલ કાનાણી સહિત સ્થાનિક પદાધિકારીશ્રીઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવાના ઉમદા હેતુસર દર વર્ષે સરસ મેળાનું આયોજન કરવામાં આવે છે. જેના કારણે અનેક સ્વસહાય જૂથની બહેનોને પોતાની કલા અને આવડતને રજૂ કરવાનું મજબૂત મંચ મળ્યું છે. સખી મંડળની બહેનો હાથ બનાવટની વસ્તુઓનું વેચાણ કરીને આત્મનિર્ભર બની રહી છે. દિવાળી નજીક છે, ત્યારે વિવિધ જિલ્લાની બહેનો દ્વારા ઉત્પાદિત વસ્તુઓની ખરીદી કરવા માટે લોકોએ સરસ મેળાની મુલાકાત લઈને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ.

આ તકે સાંસદશ્રી ભરતભાઈએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને સ્વ સહાય જૂથની બહેનો સાથે તલસ્પર્શી સંવાદ સાધ્યો હતો. તેમજ સાંસદશ્રીના હસ્તે "દીન દયાળ અંત્યોદય" યોજના અંતર્ગત જય ઠાકરધણી આજીવિકા મંડળને રૂ. ૬,૫૦,૦૦૦ની કેશ ક્રેડિટ લોનનો ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તા. ૨૮ ઓક્ટોબરથી તા. ૦૪ નવેમ્બર સુધી ચાલનારા સરસ મેળામાં આશરે ૩૦ ફ્રાફ્ટ સ્ટોલ અને ૦૫ લાઈવ ફૂડ સ્ટોલ સહિત કુલ ૩૫ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ હેન્ડીક્રાફ્ટ, હેડલુમ, ખાદ્ય ઉત્પાદનો, દિવાળી ડેકોરેશન, દિવા, રંગોળી સામગ્રી, ગિફ્ટ પેક, પરંપરાગત વસ્ત્રો તથા ગ્રામ્ય ઉત્પાદનોને ગ્રાહક સુધી પહોંચાડવા સરસ મેળો ઉત્તમ પ્લેટફોર્મ સાબિત થશે. આ પ્રસંગે જિલ્લાના સ્થાનિક અગ્રણીશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.જે.જાડેજા(ઈ.ચા), સહિતના અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં સખી મંડળની બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા

લાઠી નગરપાલિકા - લાઠી

જીલ્લો : અમરેલી

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી લાઠી નગરપાલિકા, લાઠી, જીલ્લોઃ અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનં.૧:- સને ૨૦૨૪-૨૫ વર્ષની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી-૮૮) અને સને ૨૦૨૫-૨૬ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત જુદા-જુદા વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલ, સ્નાનગૃહ, પાઇપ કલવર્ટ અને પેવિંગ બ્લોક રોડની કાગીરી અને કામનં.૨:- સને ૨૦૨૫-૨૬ વર્ષની ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત નગરપાલિકાને સબવાહીની ખરીદવાની કામગીરી આમ ઉપર મુજબની વિગતની કામગીરી કરાવવા માટે તા.૦૫/૧૧/૨૦૨૬ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. લાઠી નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર — પ્રમુખ

લાઠી નગરપાલિકા — લાઠી નગરપાલિકા

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

વિકાસની દોડમાં ખોવાતા લીલાછમ સપના

ભારતના નકશામાં મધ્યપ્રદેશને હૃદયપ્રદેશ કહેવામાં આવે છે, અને પર્યાવરણની દ્રષ્ટિએ પણ તે હૃદય જ છે. દેશમાં સૌથી વધુ જંગલ ધરાવતું રાજ્ય મધ્યપ્રદેશ છે. ભારતમાં કુલ ૮,૨૭,૩૫૭ ચોરસ કિલોમીટર વિસ્તારમાં જંગલો અને વૃક્ષો છે, જે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૫.૧૭ ટકા છે. આમાં એકલા મધ્યપ્રદેશનો હિસ્સો ૭૭,૦૭૩ ચોરસ કિલોમીટર છે. કાન્હા, પેંચ, બાંધવગઢ જેવા વિશ્વપ્રસિદ્ધ વાઘ અભયારણ્યો આ જ રાજ્યમાં છે. પરંતુ દુઃખની વાત એ છે કે આજે સૌથી વધુ જંગલ ધરાવતું રાજ્ય જ સૌથી ઝડપથી જંગલ ગુમાવી રહ્યું છે. ભારતીય વન સ્થિતિ અહેવાલ ૨૦૨૩ ના આંકડા ચોંકાવનારા છે. વર્ષ ૨૦૧૯ માં મધ્યપ્રદેશમાં વન વિસ્તાર ૭૭,૪૮૨ ચોરસ કિલોમીટર હતો, જે ૨૦૨૩ માં ઘટીને ૭૭,૦૭૩ થઈ ગયો. એટલે કે ચાર વર્ષમાં ૬૧૨ ચોરસ કિલોમીટર જંગલ સીધું ઓછું થઈ ગયું. આ ઘટાડો નાનો નથી. આ આખા ભોપાલ શહેર કરતાં પણ મોટો વિસ્તાર છે. આ ઘટાડાનું મુખ્ય કારણ છે વિકાસના નામે વન જમીનનું બિન-વનીકરણ ઉપયોગમાં પરિવર્તન. કેન્દ્ર સરકારના આંકડા મુજબ ૨૦૧૪ થી ૨૦૨૪ ના દસ વર્ષમાં દેશભરમાં ૧,૭૩,૦૦૦ હેક્ટર વન જમીનને ઉદ્યોગો, ખાણો અને અન્ય કામો માટે મંજૂરી આપવામાં આવી છે. આમાં આશ્ચર્યજનક રીતે ૨૨ ટકા હિસ્સો એકલા મધ્યપ્રદેશનો છે. વન જમીનને વિકાસ માટે આપવામાં મધ્યપ્રદેશ દેશમાં પ્રથમ નંબરે છે. આનો અર્થ એ થયો કે દેશમાં સૌથી વધુ વનનાબૂદી મધ્યપ્રદેશમાં થઈ છે. સવાલ એ છે કે મધ્યપ્રદેશ જ કેમ નિશાના પર છે? તેનું કારણ તેની કુદરતી સંપત્તિ છે. અહીં કોલસાના વિશાળ ભંડારો છે, હીરાની ખાણો છે, બોક્સાઇટ અને અન્ય ખનીજો છે. બક્સવાહા જંગલમાં હીરાની ખાણ માટે લાખો વૃક્ષો કાપવાનો પ્રસ્તાવ તેનું ઉદાહરણ છે. આ ઉપરાંત મોટા બંધ, થર્મલ પાવર પ્લાન્ટ, રસ્તા અને રેલવે લાઇન માટે પણ હજારો હેક્ટર જંગલ કાપવામાં આવી રહ્યું છે. કાયદો કહે છે કે તેના બદલામાં બીજે વળતર વનીકરણ કરવામાં આવશે, પરંતુ શું એક કુદરતી જંગલની બરાબરી માનવસર્જિત વાવેતર કરી શકે? કુદરતી જંગલ અને વાવેતર વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે. કુદરતી જંગલમાં સેંકડો પ્રકારના વૃક્ષો, વેલાઓ, ઘાસ, જીવજંતુઓ અને પ્રાણીઓ એકબીજા પર નિર્ભર રહીને જીવે છે. તે જમીનના પાણીને સાચવે છે, હવાને શુદ્ધ કરે છે અને આબોહવાને નિયંત્રિત કરે છે. જ્યારે વળતર વનીકરણમાં ઘણીવાર એક જ પ્રકારના વૃક્ષોની હારમાળા ઊભી કરવામાં આવે છે, જેને જંગલ ન કહી શકાય. તે હરિયાળી દેખાય, પણ તેમાં જીવન નથી હોતું. આ વન વિનાશની સૌથી મોટી અસર ત્યાં રહેતા આદિવાસી સમુદાય પર પડે છે. મધ્યપ્રદેશની વસ્તીના ૨૧ ટકાથી વધુ લોકો આદિવાસી છે, જેમનું જીવન સંપૂર્ણપણે જંગલ પર આધારિત છે. તેમનું ભોજન, દવા, ઘર અને સંસ્કૃતિ બધું જંગલમાંથી આવે છે. જ્યારે જંગલ કપાય છે ત્યારે તેમની આજીવિકા જ નથી છીનવાતી, તેમની ઓળખ પણ છીનવાઈ જાય છે. વન અધિકાર કાયદા હેઠળ તેમની સંમતિ લેવી જરૂરી છે, પરંતુ ઘણીવાર આ પ્રક્રિયા માત્ર કાગળ પર જ થાય છે. તેથી હવે મધ્યપ્રદેશે નક્કી કરવું પડશે કે તેને કેવો વિકાસ જોઈએ છે. શું એવો વિકાસ કે જે પોતાના જ ફેફસાને કાપી નાખે? સાચો વિકાસ એ છે જે જંગલની સાથે ચાલે, જંગલને કાપીને નહીં. દરેક પ્રોજેક્ટને મંજૂરી આપતા પહેલા તેની સાચી પર્યાવરણીય અસરનું મૂલ્યાંકન થવું જોઈએ, તેનો કોઈ વિકલ્પ છે કે નહીં તે તપાસવું જોઈએ અને સ્થાનિક ગ્રામસભાની સાચી સંમતિ લેવી જોઈએ. જો ૭૭ હજાર ચોરસ કિલોમીટરનું ગૌરવ ધરાવતું રાજ્ય આજે જ નહીં જાગે, તો આવતીકાલે તેની પાસે વિકાસના આંકડા હશે, પણ શ્વાસ લેવા માટે હરિયાળી નહીં હોય.

વિનમ્રતા જીવનવિકાસની આધારશિલા છે...અહંકાર જીવનવિનાશની આધારશિલા છે...

'વિનયશીલ બનવા માટે બે વાત લક્ષ્યમાં રાખીએ : એક એ કે 'હું કાંઈ નથી' આવો અહંશૂન્ય ભાવ રાખવો. અમે એક સ્થળે આ ભાવ કેળવવા એવો અનુરોધ કર્યો હતો કે 'કાળના અનંત પ્રવાહમાં મારું અસ્તિત્વ તણખલાથી વિશેષ કાંઈ જ નથી.' આવું દરેક વ્યક્તિએ પ્રામાણિકતાથી માનવું. બીજી વાત એ કે જે જે ઉપકારી વ્યક્તિત્વો છે એના પ્રત્યે સદૈવ વિનયભાવ રાખવો. આનાથી કૃતજ્ઞાતા અને વિનયશીલતા બન્ને ગુણો સચવાશે. આ રીતે પ્રાપ્ત થતી વિનયશીલતા ક્રમશ : સમ્યગ્દર્શનાદિ ગુણોની અને અંતે મોક્ષની પણ પ્રાપ્તિ કરાવે જ.'

કરંટ ટોપિક

શુદ્ધ ધર્મની પ્રાપ્તિની ભૂમિકારૂપ જે એકવીશ ગુણો ધર્મરત્નપ્રકરણગ્રન્થમાં દર્શાવાયા છે તેની ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું અઢારમો ગુણ. એનું નામ છે વિનયશીલતા.

શાસ્ત્રો અને સુભાષિતકારો એમ જણાવે છે કે ગુણોની સૃષ્ટિમાં એકેકથી ચડિયાતા ગુણો ભલે અનેક હોય. પરંતુ સર્વ ગુણોના જન્મદાતા બની રહે તેવા ગુણો બે જ છે. તેમાં એક છે વિનયશીલતા અને બીજો છે ગુણાનુરાગિતા. ' જે જે વ્યક્તિ યા વસ્તુનો અનુરાગ હોય તે તે વ્યક્તિ યા વસ્તુની પ્રાપ્તિનો પુરુષાર્થ કરે' આ સામાન્ય દૃષ્ટિની વિચારણા ય એ સ્પષ્ટ સમજાવી જાય છે કે જે જે ગુણો પ્રત્યે જીવનમાં અનુરાગ જામે તે તો ગુણોનો પુરુષાર્થ અને પ્રાપ્તિ આસાનીથી શક્ય બને. આ સંદર્ભમાં જરૂર કહી શકાય કે ગુણાનુરાગ અન્ય ગુણોનો જન્મદાતા ગુણ છે. આની જેમ વિનયશીલતા પણ અન્ય તમામ ગુણોનો જન્મદાતા છે. માટે આ ગુણનાં વિવરણમાં ગ્રન્થકારે આ શબ્દો લખ્યા છે કે 'વિણઓ સવ્વગુણાણં મૂલં.' આ કથનને પણ આપણે ઉપરોક્ત જેવી જ સામાન્ય દૃષ્ટિની વિચારણાથી સમજીએ તો, ધારો કે એક મહાત્મા ઉત્તમ સંયમી-ચારિત્રવંત છે. વિનયી વ્યક્તિ એમની સાથે અત્યંત વિનયપૂર્વક વર્તે એટલે એ ચારિત્રવંતની કૃપા એના પર વરસે કલસ્વરૂપે એ સ્વયં ચારિત્રથી સંયમભાવથી અલંકૃત થાય. ધારો કે એક વ્યક્તિ વિદ્વાન છે. વિનયી વ્યક્તિ ખૂબ વિનમ્રતાથી એની સેવા ભક્તિ કરે એટલી એમની હાર્દિક કૃપા એના પર વરસે. પરિણામસ્વરૂપે એ સ્વયં જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરે. તે તે વિશિષ્ટ ગુણોને ઉત્તમ સ્તરે આત્મસાત્ કરનાર મહાનુભાવોનો વિનય તે તે ગુણોની પ્રાપ્તિ કરાવતો હોવાથી વિનયને પણ કહેવાય છે સર્વ ગુણોનો જન્મદાતા.

'પ્રશમરતિ' ગ્રન્થકાર તો ત્યાં સુધી લખે છે કે 'તસ્માત્ કલ્યાણાનાં, સર્વેષાં ભાજનં વિનય : ' ભાવાર્થ કે તમામ કલ્યાણોનું - કલ્યાણકારી ઉત્તમ ગુણોનું પાત્ર વિનય છે !

માત્ર ધર્મક્ષેત્રે જ શા માટે ? બાહ્યક્ષેત્રે પણ વિનયશીલતા પ્રગતિ કરાવી શકે છે. ઉદાહરણરૂપે વિચારીએ તો, ધારો કે એક વ્યક્તિ રાજાની પાસે રહી નાનામાં નાની બાબતોમાં એની સાથે ખૂબ વિનમ્રતાથી વર્તે તો રાજાની કૃપા એના પર વિશેષ વરસે અને એની બાહ્ય પ્રગતિ થાય જ. ધારો કે એક બાળક સ્વભાવથી જ માતા-પિતાનો ખૂબ વિનય-ખૂબ ભક્તિ કરે તો માતા-પિતાની કૃપા એના પર વરસે અને એ ઘરની બાબતોમાં મુખ્યતા-પ્રગતિ પામે જ. આ રીતે ક્ષેત્ર બાહ્ય કે અભ્યંતર કોઈ પણ હો, વિનમ્રતાગુણ વ્યક્તિને અમાં લાભ કરાવે જ.

વિનમ્રતાનો-વિનયશીલતાનો ગુણ વ્યક્તિને ક્યાંથી ક્યાં પ્રગતિ કરાવે એ નિહાળવું છે ? તો વાંચો જૈન શાસ્ત્રોનું આ સરલ-સરસ દૃષ્ટાંત:પરમાત્મા મહાવીરદેવના સમયની વાત. ત્યારે મગધદેશના કોઈ ગ્રામ્યવિસ્તારમાં પુષ્પશાલ નામે એક ગોપબાળક વસે. ગ્રામ્યજીવન એટલે ભણવાની ખાસ કોઈ અનુકૂળતા નહિ પ પરંતુ એની માતાએ બાળપણથી એ શીખવેલ કે મોટાઓનો ખૂબ વિનય કરવો. બાળકે એ વાત બરાબર હૃદયસ્થ કરી દીધી. બાળકમાં સ્વાભાવિક જ વિનમ્રતા હતી. એમાં વળી માતાની હિતશિક્ષા ભળી. એથી એ સહુ વડિલોનો વિનય કરવા લાગ્યો. એ પિતાની સાથે જંગલમાં ગાયો ચરાવવા જાય, એમના દરેક કાર્યોમાં વગર કહ્યે એ સહાયક થાય.એક વાર એ પિતા સાથે ગામના મુખી પાસે ગયો. પિતાએ મુખીને ઝૂકી ઝૂકીને નમન કર્યા એ બાળકે મનોમન નોંધ્યું. એને થયું કે મુખી મારા પિતા કરતા મોટી વ્યક્તિ છે. તો મારે એમનો વિનય પણ કરવો જોઈએ. એ બે કલકની મુલાકાત દરમ્યાન બાળકે મુખીની વગર કહ્યે એવી સેવા કરી કે મુખી બાળક પ્રત્યે આકર્ષાઈ ગયો. મુખીએ એના પિતાને કહ્યું : 'આ બાળકને મારે ત્યાં રાખો. એનું જીવન ઉપર આવી જશે.' પિતાએ હા કહી. હવે પુષ્પશાલ મુખીના ઘરનો સદસ્ય બની ગયો.

મુખી એકદા મગધના રાજવી સમ્રાટ શ્રેણિકના દરબારમાં ગયો. ત્યાં મુખી જેવા ઘણા લોકો સમ્રાટની ફુર્નિશ બજાવતા હતા. બાળક સમજી ગયો કે આ મુખીથી ય મોટા મહાનુભાવ છે. ત્યાં પણ ઉપરોક્ત ઘટનાનું પુનરાવર્તન થયું અને બાળક એના વિનયથી શ્રેણિકની નજરમાં વસી જતાં સમ્રાટે એને પોતાના મહેલમાં કાયમી રાખી લીધો. હવે એક વાર સમ્રાટ શ્રેણિકની નજરમાં વસી જતાં સમ્રાટે એને પોતાના મહેલમાં કાયમી રાખી લીધો. હવે એક વાર સમ્રાટ શ્રેણિક પ્રભુ મહાવીરદેવની ધર્મદેશના શ્રવણ કરવા ગયા ત્યારે એમણે પ્રભુને વિધિવત્ વંદન કર્યા. પુષ્પશાલને થયું આ સમ્રાટ કરતાં ય મોટા છે. એ પ્રભુની ભક્તિમાં એવો લીન થઈ ગયો કે પ્રભુના શ્રમણોની નજરમાં વસી ગયો. આખરી પરિણામ એ આવ્યું કે એની અભિલાષા નિહાળી શ્રેણિક મહારાજાએ એને દીક્ષાની સંમતિ આપી. પ્રભુનિશ્રામાં સંયમી બની એણે ઉત્તમ સંયમપાલન સાથે પ્રભુસેવા કરી. અંતે એ સદ્ગતિગામી બન્યોપ

એક સામાન્ય ગ્રામ્ય બાળક આવી પ્રગતિ પામ્યો એ નિ:શંક એની વિનયશીલતાનું જ પરિણામ હતું. વિનયશીલતા-વિનમ્રતાનો વિરોધી દુર્ગુણ છે અહંકાર. અહંકાર વ્યક્તિને ઝૂકવા-નમવા ન દે, તો અન્યોની સાચી-સારી વાત સાંભળવા ન દે. એનો અહંકાર આવા સમયે તરત ફુંફાડો મારતો ટટાર થઈ જશે કે હું શા માટે કોઈને નમું કોઈની સામે ઝુકું ? એ અહંકાર કહેશે કે 'મને બધી ખબર છે મને કોઈએ સલાહ આપવાની જરૂર નથી. ઉપકારીને ય ન ઝૂકવાની-વડિલોનું ય ન સાંભળવાની કોઈને માન સન્માન ન આપવાની આ વૃત્તિ વ્યક્તિને ધર્મક્ષેત્રે તો અવરોધરૂપ બને જ. ઉપરાંત દુન્યવી ક્ષેત્રે પણ એ વ્યક્તિ માટે અવરોધરૂપ બને. 'પ્રશમરતિ' ગ્રન્થમાં આ અહંકારની વિનાશક તાકાતની ઓળખ આપતું એક વિશેષણ આમ દર્શાવાયું છે કે 'ધર્માર્થકામવિઘ્નસ્ય.' એટલે કે અહંકાર ધર્મ-અર્થ અને કામ : આ ત્રણેય પુરુષાર્થમાં વિઘ્નરૂપ છે. ધર્મપુરુષાર્થમાં ય જો એ બાધારૂપ છે તો મોક્ષપુરુષાર્થ માટે કોઈ વાત જ ક્યાંથી વિચારાય ? હવે રહી વાત અર્થ અને કામપુરુષાર્થની અર્થાત્ દુન્યવી સ્તરની ઉપલબ્ધિની. એમાં પણ અહંકાર બાધક બનતો હોવાનું ઉપરોક્ત ગ્રન્થપંક્તિ જણાવે છે. કરવી છે એ પંક્તિની સચ્ચાઈની પ્રતીતિ ? તો વાંચો આ રમૂજ કથા :



નગરની બહાર જીવંત પાત્રો સાથે ભજવાતી રામલીલાએ રંગ જમાવ્યો હતો. રોજ એ નિહાળવા ઊમટી પડતા હજારો માનવોથી મંડપ ચિક્કાર થઈ જતો. એમાં ય આજે અંતિમ દિવસ અને રામ-રાવણનું સામસામે યુદ્ધ હોવાથી મંડપની બહાર પણ દર્શકોની મેદની છવાઈ હતી. યથાસમય રામલીલા શરૂ થઈ. આજનો મુખ્ય એપિસોડ એટલે કે રામ-રાવણનું યુદ્ધ પણ શરૂ થયું. મેદની અદ્ધરશ્વાસે યુદ્ધ જોઈ રહી હતી. પરંતુ યુદ્ધ ધાર્યા કરતા વધુ ખેંચાતું ગયું. એમાં બન્યું હતું એવું કે જેમ આજની દગાબાજ લૌકિક દુનિયામાં રામતત્ત્વ કરતા રાવણતત્ત્વનું પલ્લું ભારે હોય છે તે ત્યાં શારીરિક તાકાતની દૃષ્ટિએ રામ કરતા રાવણનું પલ્લું ભારે હતું. રાવણ બનનાર એવો તાકાતવર હતો કે રામ બનનાર એને પછાડી શકે એ વાતમાં માલ ન હતો. ફક્ત નાટકની સમજૂતીનાં કારણે રાવણે હારવાનું-પડી જવાનું હતું.

પણ પ એ દિવસે રાવણે એટલું ખેંચ્યું કે હવે રામ થાકી ગયો. દિગ્દર્શકે જોયું કે જો હજુ ય લંબાતું જશે તો રાવણના બદલે રામ પડી જશે- હારી જશે. એણે પડદા પાછળથી બે-ત્રણવાર રાવણને સંદેશો આપ્યો કે 'બસ હવે તું પડી જા.' પરંતુ તો ય પેલો પડયો નહિ. આખરે દિગ્દર્શકે મંચ સુધી ઘસી આવીને બૂમ પાડી : 'અલ્યા, પડ. આ તો રામલીલાની મજા બગડી રહી છે.' પેલાએ માથું ધુણાવતા ઉત્તર આપ્યો : ' આજે જે થવું હોય તે થાય. હું નહિ જ પડું.' પણ કેમ ? દરેક રામલીલામાં તો તું પડે જ છે.' એ અલગ છે અને આજની વાત અલગ છે. આજે મારા સાસુ-સસરા આ મેદનીમાં છે. એમની સામે હું હરગિજ નહિ હારું-નહિ પડું !'

કહેવાની જરૂર નથી કે એના આ અહંકારે રામલીલાનો માહોલ બગાડી નાંખ્યો અને ગુસ્સે થયેલ નાટકના માલિકે પેલાને કાયમી ધોરણે રામલીલામાંથી છૂટો કરી દીધો. એના અહંકારે એને અર્થપુરુષાર્થનું કાયમી નુકસાન કર્યું. અહંકારના નુકસાનો અને વિનયશીલતાના લાભો નિહાળ્યા પછી વિનયશીલ બનવા માટે બે વાત લક્ષ્યમાં રાખીએ : એક એ કે હું કાંઈ નથી આવો અહંશૂન્ય ભાવ રાખવો. અમે એક સ્થળે આ ભાવ કેળવવા એવો અનુરોધ કર્યો હતો કે 'કાળના અનંત પ્રવાહમાં મારું અસ્તિત્વ તણખલાથી વિશેષ કાંઈ જ નથી.' આવું દરેક વ્યક્તિએ પ્રામાણિકતાથી માનવું. બીજી વાત એ કે જે જે ઉપકારી વ્યક્તિત્વો છે એના પ્રત્યે સદૈવ વિનયભાવ રાખવો. આનાથી કૃતજ્ઞાતા અને વિનયશીલતા બન્ને ગુણો સચવાશે. આ રીતે પ્રાપ્ત થતી વિનયશીલતા ક્રમશ : સમ્યગ્દર્શનાદિ ગુણોની અને અંતે મોક્ષની પ્રાપ્તિ કરાવે જ. સ્વયં ગ્રન્થકારે જ વિનયગુણની ગાથામાં આથી લખ્યું છે કે વિનય સમ્યગ્દર્શનાદિ ગુણોનું અને તે ગુણો મોક્ષનું મૂલ છે. છેલ્લે વિનીતતા-વિનમ્રતા કેવી હોવી જોઈએ એ દર્શાવતી શાયરી સાથે સમાપન કરીએ કે :ઝૂકના સીખના હૈ તો કલમસે સીખો, જબ ભી ચલતી હૈ સર ઝૂકા કે હી ચલતી હૈપ

જીવનમાં શુદ્ધતા સંયમની શક્તિ એકદમ આવતી જ નથી

જીવનમાં ચારિત્ર એટલે સારી અને નરસી ટેવોનું પોટલું છે. આત્મિક સત્યસ્વરૂપ ટેવો એટલે જીવનમાં પુનરાવર્તન અને પરિવર્તિત થયેલી ટેવો જે માણસના ચરિત્રને સો ટકા સુધારી શકે છે

આમ નિસ્વાર્થ ભાવે અપેક્ષા આશા વિના કર્તા ભાવને મનમાંથી તિલાંજલિ આપી ને અહંકારથી મુક્ત થઈને કર્મો કર્યે જ જાવ કારણ કે કર્મો જ ચિત્તને શુધ્ધ કરે છે, સ્થિર કરે છે. આમ કર્મ છોડાય નહીં પણ કર્તા ભાવને છોડો અને કર્મો કરો એને સાચો ઉપાય છે.

જીવનમાં નિરંતર પવિત્ર અને આત્મિક સત્યાના આધાર વાળા જ વિચારો કર્યે રાખો આજ હલકા ખરાબ દુ-ષ્ટ વિચારોને દબાવવાનો સર્વ શ્રેષ્ઠ એક માત્ર ઉપાય છે, આમ જીવનમાં ચારિત્ર એટલે સારી અને નરસી ટેવોનું પોટલું છે, અને આત્મિક સત્યસ્વરૂપ ટેવો એટલે જીવનમાં પુનરાવર્તન અને પરિવર્તિત થયેલી ટેવો જે માણસના ચરિત્રને સો ટકા સુધારી શકે છે, અને આત્મિક સત્યમાં સ્થિર કરે છે., અને ધ્યાનની આંતર સાધના દ્વારા જ માણસ સ્થિત પ્રજ્ઞા અને ત્રિગુણાંતિત બની શકે છે, જે જીવનની મહા સિધ્ધિ છે, પણ આનાં માટે લાંબી ધ્યાનની સાધનાની જરૂર પડે છે.આમ પોતાની જ સારી અને સત્ય સ્વરૂપ વૃત્તિઓને ચિત્તમાં સંપૂર્ણ રીતે સ્થિર રાખવાનો નિરંતર પ્રયત્ન કરતાં જ રહેવું જોઈએ, એજ સાધકની પવિત્ર ફરજ બને છે, અને મનને તરંગો વિનાનું એટલે એમાં તરંગો ઉઠતાં અટકાવવાનો પ્રયાસ નિયમિત કરતાં જ રહેવું જોઈએ.

વિશેષ

આમ સત્ય સ્વરૂપ થવાના ધ્યેયને પૂર્ણ કરવા માટે સ્વસ્થતાપૂર્વક લાંબા સમય સુધી આત્મિક સત્યમાં સ્થિર થઈને નિરંતર પ્રયત્ન કરતાં જ રહેવું જોઈએ. જીવનમાં શુધ્ધતા સંયમની શક્તિ એકદમ આવતી જ નથી તેને માટે માણસે લાંબા સમય સુધી ધ્યાનની સાધના કરવી જ પડે છે, જાગૃતિપૂર્વક જીવન જીવવાની જરૂરિયાત છે, આમ નિરંતર ધ્યાનનો અભ્યાસ જ કરવાથી માણસ પોતાના જ પરમ સત્યમાં સ્થિર થાય છે, એજ જીવનની સિધ્ધી છે.

સફળતાના શિખરે બિરાજીને ભ્રષ્ટાચાર મુક્ત બનતો એક અનોખો દેશ સિંગાપોર

નાનકડા ટાપુ પર વસેલો એક દેશ થોડા દાયકા પહેલા અતિ પછાત થતો આજે તે સફળતાના શિખર પર બિરાજમાન છે. આ ચમત્કાર કેવી રીતે થયો તે જાણવા માટે સાચો વિકાસ કોને કહેવાય તે જાણવું દરેક વ્યક્તિએ જરૂરી છે. દરેક વ્યક્તિ જો વિકાસ સાધે તો પરિવાર સમૃદ્ધ બને સમાજ સમૃદ્ધ બને અને રાષ્ટ્ર સમૃદ્ધ બને આ માટે ભ્રષ્ટાચાર દૂર થવો જોઈએ, પણ આ વસ્તુ કેવી રીતે બની તે સિંગાપોરના દાખલા પરથી જ સમજી શકાય તેમ છે.

સિંગાપોરને થર્ડ વર્લ્ડમાંથી ફર્સ્ટ વર્લ્ડની કેટેગરીમાં લાવી દેનાર નેતાની આ વાત છે. દુનિયાના નકશા પર એક એવો નાનકડો દેશ છે જેને આજે સફળતાનો પર્યાય માનવામાં આવે છે, પરંતુ છ દાયકા પહેલા તેની સ્થિતિ અત્યંત દયનીય હતી. કુદરતી સંસાધનોનું નામોનિશાન નહીં, પીવાના પાણી માટે પણ પાડોશી દેશ પર નિર્ભરતા, બેરોજગારી, ગંદકી, ગીચ ઝૂંપડપટ્ટીઓ, ભાષાવાદ અને કોમવાદના ઝઘડા અને ચારે બાજુ ફેલાયેલો ભ્રષ્ટાચાર, આ હતું ૧૯૬૫ના સ્વતંત્ર સિંગાપોરનું વાસ્તવિક ચિત્ર. દુનિયાના ઘણા નિષ્ણાતોએ તો એવી આગાહી પણ કરી હતી કે આ દેશ લાંબો સમય ટકી જ નહીં શકે. પરંતુ આ તમામ નકારાત્મક આગાહીઓને ખોટી પાડીને સિંગાપોરના પ્રથમ વડાપ્રધાન લી ક્વાન યુએ અશક્યને શક્ય કરી બતાવ્યું. તેમણે માત્ર એક શહેર જેટલા વિસ્તારમાં ફેલાયેલા આ દેશને એક મજબૂત વિચારધારા, શિસ્ત, લાંબા ગાળાના આયોજન અને ભ્રષ્ટાચાર પ્રત્યે જરાય સહનશીલતા નહીં દાખવવાની નીતિથી સીધો થર્ડ વર્લ્ડમાંથી ફર્સ્ટ વર્લ્ડમાં મૂકી દીધો. આ ચમત્કાર એક દિવસમાં નથી થયો. તેની પાછળ દાયકાઓની સખત મહેનત, શિક્ષણ પર ભાર, રહેઠાણ સુધારણા, વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા અને સૌથી મહત્વનું, કાયદાના શાસનને સર્વોપરી બનાવવાની નીતિ રહેલી છે. લી ક્વાન યુએ પોતે તેમના પ્રખ્યાત પુસ્તક ફ્રોમ થર્ડ વર્લ્ડ ટુ ફર્સ્ટ વર્લ્ડ માં આ સમગ્ર યાત્રાનું વર્ણન કર્યું છે.

આ ચમત્કારિક દેશનો પરિચય પણ એટલો જ રસપ્રદ છે. સિંગાપોર એક સિટી-સ્ટેટ છે, એટલે કે આખો દેશ એક જ શહેરનો બનેલો છે. તમે તેને સિંગાપોર શહેર કહો કે સિંગાપોર દેશ કહો, બંને એક જ છે. આ સંદર્ભમાં ભારત સાથે તેની સરખામણી કરીએ તો આંકડા ચોંકાવનારા છે. ભારતનો કુલ વિસ્તાર ૩૨,૮૭,૨૬૩ ચોરસ કિલોમીટર છે, જ્યારે સિંગાપોરનો કુલ વિસ્તાર માત્ર ૭૧૯ ચોરસ કિલોમીટર છે, એટલે કે ભારત કરતાં લગભગ ૪૫૦૦ ગણો નાનો. વસ્તીની દ્રષ્ટિએ ભારતની વસ્તી ૧.૪૬ અબજની આસપાસ છે, જ્યારે સિંગાપોરની વસ્તી માત્ર ૬૧ લાખ જેટલી છે. પરંતુ વસ્તી ગીચતાની વાત કરીએ તો સિંગાપોર દુનિયાના સૌથી ગીચ દેશોમાંનો એક છે. આર્થિક રીતે જોઈએ તો તફાવત વધુ સ્પષ્ટ થાય છે. ભારતની નોમિનલ જીડીપી પર કેપિટા આવક લગભગ ૨૮૧૩ ડોલર છે, જે વૈશ્વિક સ્તરે ૨૦૦ દેશોમાં ૧૬૮મા ક્રમે છે. જ્યારે સિંગાપોરની નોમિનલ જીડીપી પર કેપિટા આવક ૯૧,૦૦૦ ડોલરથી પણ વધુ છે, જે વિશ્વમાં ચોથા ક્રમે અને એશિયામાં પ્રથમ ક્રમે છે. આ આંકડા જ બતાવે છે કે નાના કદ છતાં સિંગાપોરે કેટલી મોટી આર્થિક છલાંગ લગાવી છે.

સિંગાપોર આજે વિશ્વનું પ્રથમ પંક્તિનું ફાઈનાન્શિયલ અને ટ્રેડિંગ હબ કેવી રીતે બન્યું તેની પાછળ લી ક્વાન યુની દૂરંદેશી આર્થિક નીતિઓ છે. આઝાદી સમયે

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

સિંગાપોર પાસે કોઈ મોટો ઉદ્યોગ નહોતો. લી ક્વાન યુ સમજી ગયા હતા કે જો દુનિયાને સિંગાપોરમાં રોકાણ કરવા માટે આકર્ષવું હોય તો સૌથી પહેલા વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવું પડશે. તેમણે વિદેશી રોકાણકારો માટે દરવાજા ખુલ્લા મૂકી દીધા, ટેક્સમાં રાહત આપી, ઝડપથી મંજૂરી મળે તેવું સિંગલ વિન્ડો તંત્ર વિકસાવ્યું અને સૌથી અગત્યનું, રાજકીય સ્થિરતા અને કાયદાનું શાસન સુનિશ્ચિત કર્યું. તેમણે મલક્કા સ્ટ્રેટ પાસે આવેલા વ્યૂહાત્મક સ્થાનનો પૂરો લાભ લીધો અને સિંગાપોર બંદરને દુનિયાનું સૌથી વ્યસ્ત અને કાર્યક્ષમ બંદર બનાવ્યું. સાથે સાથે ચાંગી એરપોર્ટને વૈશ્વિક ઉડ્ડયન હબ બનાવવામાં આવ્યું. સરકારે શિક્ષણ પાછળ ખૂબ મોટું રોકાણ કર્યું અને અંગ્રેજી ભાષાને કામકાજની મુખ્ય ભાષા બનાવી, જેથી આંતરરાષ્ટ્રીય કંપનીઓને ત્યાં કામ કરવામાં સરળતા રહે. કરપ્શન ફી વહીવટ અને ઝડપી ન્યાય પ્રણાલીના કારણે આજે ગૂગલ, માઈક્રોસોફ્ટ, ટીમી જેવી હજારો બહુરાષ્ટ્રીય કંપનીઓનું એશિયા હેડક્વાર્ટર સિંગાપોરમાં છે. આમ, કુદરતી સંસાધનો વગર પણ માનવ સંસાધન અને નીતિઓના જોરે સિંગાપોર ગ્લોબલ ફાઈનાન્શિયલ સેન્ટર બની ગયું. હવે સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે સિંગાપોર ભ્રષ્ટાચાર મુક્ત કેવી રીતે બન્યું. આનો જવાબ લી ક્વાન યુના વ્યક્તિત્વ અને તેમની કડક નીતિઓમાં છુપાયેલો છે. ભારતને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આઝાદી મળી, જ્યારે સિંગાપોરને ૯ ઓગસ્ટ ૧૯૬૫ના રોજ સંપૂર્ણ સ્વતંત્રતા મળી, એટલે કે ભારતના લગભગ ૧૮ વર્ષ પછી. લી ક્વાન યુએ ૫ જૂન ૧૯૫૯ના રોજ સત્તાનું સુકાન સંભાળ્યું ત્યારથી જ નક્કી કરી લીધું હતું કે દેશના વિકાસના દરેક ડોલરનો પૂરેપૂરો હિસાબ રાખવામાં આવશે અને વચ્ચે એક પણ ડોલરનો ભ્રષ્ટાચાર થવા દેવામાં આવશે નહીં. તેમણે ક્યારેય ભ્રષ્ટાચાર મુક્ત સિંગાપોરનું નાટકીય સ્લોગન આપ્યું નહીં, પરંતુ સીધું જ કામ કરીને બતાવ્યું. તેઓ એશિયાના અન્ય દેશોના નેતાઓના ભ્રષ્ટાચાર, લોભ અને નૈતિક અધઃપતન જોઈને અત્યંત વ્યથિત થતા હતા. તેઓ માનતા હતા કે જ્યારે દેશના નેતાઓ જ ભ્રષ્ટ હોય ત્યારે દેશની અધોગતિ નિશ્ચિત છે. આથી તેમણે અંગ્રેજોએ ૧૯૫૨માં સ્થાપેલા કરપ્ટ પ્રેક્ટિસીસ ઈન્વેસ્ટિગેશન બ્યુરોને વધુ સત્તાઓ આપી અને તેને સીધું વડાપ્રધાન કાર્યાલય હેઠળ મૂક્યું. આ બ્યુરો ગમે તેટલા મોટા અધિકારી કે પ્રધાન સામે પણ તપાસ કરી શકતું હતું. લી ક્વાન યુએ અધિકારીઓની વિવેકાધીન સત્તા એટલે કે ડિસ્ક્રિશનરી પાવર પર ચાંપતી નજર રાખવાની વ્યવસ્થા ગોઠવી. કોઈ પણ પ્રધાન કે અધિકારી પોતાના અંગત સ્વાર્થ માટે સત્તાનો દુરુપયોગ ન કરે તે માટે કડક નિયમો બનાવ્યા. તે સમયે પોલીસના નીચલા સ્તરે, રસ્તા પર લારી ગલ્લા ચલાવનારાઓ પાસેથી હપ્તા ઉઘરાવવા અને રેવન્યુ ખાતાના તલાટીઓમાં લાંચનું પ્રમાણ વધારે હતું. લી ક્વાન યુએ આવા નાના ભ્રષ્ટાચારને પણ મોટી સજા કરીને દાખલો બેસાડ્યો. સાથે સાથે તેમણે પ્રધાનો અને ઉચ્ચ અધિકારીઓના પગાર વિશ્વ કક્ષાના અને ખાનગી ક્ષેત્રની સમકક્ષ કરી દીધા, જેથી તેમને લાંચ લેવાની જરૂર જ ન પડે. તેમનો સ્પષ્ટ સંદેશ હતો કે પ્રમાણિકતાનું મૂલ્ય ચૂકવવું પડે અને ભ્રષ્ટાચારની કિંમત તો તેનાથી પણ વધુ ચૂકવવી પડશે. આ નીતિના કારણે જ આજે સિંગાપોર દુનિયાના સૌથી ઓછા ભ્રષ્ટ દેશોમાં ગણાય.



ન્યુઝીલેન્ડ સામે અભિષેક શર્માની શાનદાર ઈનિંગની માર્ગદર્શક યુવરાજ સિંહે પ્રશંસા કરી

વેલિંગ્ટન,

વેલિંગ્ટનમાં ન્યુઝીલેન્ડ સામેની ટી ૨૦ મેચમાં, યુવા ખેલાડી અભિષેક શર્માએ માત્ર ૩૫ બોલમાં શાનદાર સદી ફટકારી, ભારતને શાનદાર જીત અપાવી. આ શાનદાર ઈનિંગ બાદ તેના માર્ગદર્શક, યુવરાજ સિંહે તેને અભિનંદન આપ્યા. પરંતુ તેણે એક રમૂજી ટિપ્પણી પણ કરી કે તે હજુ પણ યુવરાજનો ૧૨ બોલમાં ૫૦ રન બનાવવાનો ૨૦૦૭નો રેકોર્ડ તોડી શક્યો નથી અને ૧૨ બોલમાં અડધી સદી ફટકારી શક્યો નથી. મેચ પછી જ્યારે અભિષેકને યુવરાજના નિવેદન પર પ્રતિક્રિયા પૂછવામાં આવી, ત્યારે તેણે રમૂજી રીતે જવાબ આપ્યો.

મેચ દરમિયાન, અભિષેકના માર્ગદર્શક, યુવરાજ સિંહે સોશિયલ મીડિયા પર મજાકમાં કહ્યું કે અભિષેક ૧૨ બોલમાં અડધી સદી ફટકારી શક્યો નથી. જોકે, ભારતની પ્રભાવશાળી જીત પછી, યુવરાજે અભિષેકની ખૂબ પ્રશંસા કરી, કહ્યું કે તે પોતે ૩૦-૩૪ બોલમાં સદી ફટકારી શક્યો નથી. તેણે અભિષેકની શાનદાર ઈનિંગ માટે પણ પ્રશંસા કરી, તેને "સર" કહ્યો.





વેલિંગ્ટનમાં શાનદાર ઈનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીત્યા પછી, અભિષેક શર્માને જ્યારે યુવરાજ સિંહના ૧૨ બોલમાં અડધી સદી ફટકારવાના ટ્વિટ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તે હસ્યો અને કહ્યું કે તેને ખબર નથી કે યુવરાજ ભૂતકાળમાં કેવા પ્રકારનું ક્રિકેટ રમ્યો હતો. અભિષેકે સ્પષ્ટતા કરી કે મેદાન પર જઈને માત્ર ૧૨ બોલમાં ૫૦ રન બનાવવા એ સરળ કાર્ય નથી અને તે ક્યારેક ક્યારેક જ બને છે. તેમણે કહ્યું કે એક ખેલાડી તરીકે, તે આવા રેકોર્ડ્સ અથવા સીમાચિહ્નો વિશે વિચારતો નથી; તેના બદલે, તેનું મુખ્ય લક્ષ્ય હંમેશા ટીમને મેચ જીતવામાં મદદ કરવાનું છે, અને તે દિવસે પણ તે જ તેની યોજના હતી.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી ટી૨૦ મેચમાં, અભિષેક શર્માએ શાનદાર બેટિંગ કરી અને તોફાની સદી ફટકારી. યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ પણ શાનદાર શરૂઆત કરી, ૧૯ બોલમાં ૪૫ રન બનાવ્યા. સાથે મળીને, તેઓએ પ્રથમ વિકેટ માટે ૧૧૮ રનની ઝડપી ભાગીદારી કરી. આ પ્રભાવશાળી પ્રદર્શનને કારણે, ભારતે માત્ર ૧૩.૨ ઓવરમાં ૧૯૯ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો અને પાંચ મેચની શ્રેણીમાં અજેય લીડ મેળવી.

ન્યૂઝીલેન્ડનો વ્હાઈટ વોશ કરી ટીમ ઈન્ડિયાને આઈસીસી ટી૨૦ રેંકિંગમાં નંબર વન બનવાની તક

નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયાએ ભારત વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ ટી૨૦ શ્રેણીની પ્રથમ ત્રણ મેચ જીતી લીધી છે. સતત ત્રણ જીત સાથે, ભારતીય ટીમે શ્રેણી સુરક્ષિત કરી લીધી છે. બે મેચ બાકી હોવાથી, ભારતે આઈસીસી રેંકિંગમાં નોંધપાત્ર ફાયદો મેળવ્યો છે. શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયા હવે ફરીથી નંબર વન બનવાની નજીક છે. ઈંગ્લેન્ડનું નંબર વન સ્થાન હવે ખતરામાં છે.

ટીમ ઈન્ડિયાનો ન્યુઝીલેન્ડ પ્રવાસ ચાલુ છે. શ્રેણીની પહેલી મેચ ૨૨ ઓક્ટોબરે રમાઈ હતી. ૨૧ ઓક્ટોબરના રોજ આઈસીસી ટી ૨૦ રેંકિંગ પર નજર કરીએ તો, ભારતનું રેટિંગ ૨૬૭ હતું. તે સમયે, ઈંગ્લેન્ડ ૨૬૯ રેટિંગ સાથે



ટોચના સ્થાને હતું. જોકે, હવે, ત્રણ મેચ અને ભારતની જીત પછી, ટીમ ઈન્ડિયાનું રેટિંગ વધ્યું છે. આજે, ૨૮ ઓક્ટોબરે, ભારતનું રેટિંગ ૨૬૯ પર પહોંચી ગયું છે. જેમ આપણે પહેલાથી જ ઉલ્લેખ કર્યો છે, ઈંગ્લેન્ડનું રેટિંગ સમાન છે.હવે,આઈસીસી ટી ૨૦ રેંકિંગમાં ભારત અને ઈંગ્લેન્ડના રેટિંગ સમાન છે, પરંતુ જ્યારે દશાંશ બિંદુમાં ઉમેરવામાં આવે છે, ત્યારે ઈંગ્લેન્ડને થોડો ફાયદો છે. જો કે, તે ચોક્કસ છે કે ઈંગ્લેન્ડનું નંબર વન સ્થાન જોખમમાં છે. ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ ટી૨૦ શ્રેણીની ચોથી મેચ શુક્રવારે રમાશે, ત્યારબાદ રવિવારે અંતિમ મેચ રમાશે.

કોફી વિથ કરણમાં અભિનેત્રી જાહ્નવી તેના અંગત જીવનનો એક ભાવનાત્મક કિસ્સો શેર કરશે

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી જાહ્નવી કપૂર તેની ફિલ્મો તેમજ તેના અંગત જીવન માટે હેડલાઈન્સમાં રહે છે. લાંબા સમયથી, તેનું નામ શિખર પહારિયા સાથે જોડાયું છે. બંને ઘણીવાર કૌટુંબિક મેળાવડા અને જાહેર કાર્યક્રમોમાં સાથે જોવા મળે છે, અને અભિનેત્રી ક્યારેય તેની સાથેના સંબંધોનો સ્વીકાર કરવામાં અચકાતી નથી. તેઓ સોશિયલ મીડિયા પર એકબીજા પર પ્રેમનો વરસાદ પણ વરસાવે છે. કરણ જોહરના લોકપ્રિય ચેટ શો, "કોફી વિથ કરણ" ના આગામી એપિસોડમાં, જાહ્નવી કપૂર તેના અંગત જીવનનો એક ભાવનાત્મક કિસ્સો શેર કરશે. એપિસોડ દરમિયાન, તેણીએ ખુલાસો કર્યો કે ૨૦૧૮ માં





તેની માતા શ્રીદેવીના મૃત્યુ પછીના મુશ્કેલ સમયમાં શિખર તેનો સહારો કેવી રીતે બન્યો.કોફી વિથ કરણ" ના આગામી એપિસોડમાં, જાહ્નવી કપૂર તેના "સની સંસ્કારી કી તુલસી કુમારી" ના સહ-અભિનેતા વરુણ ધવન સાથે જોવા મળશે. આ એપિસોડ આજે રાત્રે ૭ વાગ્યે પ્રસારિત થશે. શો દરમિયાન, કરણ જોહર જાહ્નવી સાથે શિખર પહારિયા સાથેના તેના સંબંધો વિશે વાત કરે છે. તે તે સમયને યાદ કરે છે જ્યારે શ્રીદેવીના મૃત્યુ પછી શિખર તેની સાથે ઉભો હતો. અહેવાલો અનુસાર, તે સમયે બંને સત્તાવાર રીતે સંબંધમાં નહોતા, પરંતુ શિખરે જાહ્નવીની નજીક રહેવા માટે તેના જીવનમાં ઘણા ફેરફારો કર્યા હતા. કરણ જોહર જાહ્નવીને પૂછે છે કે શું તેણી હંમેશા જાણતી હતી કે શિખર તેનો જીવનસાથી હશે. જવાબમાં, જાહ્નવી એક ઘટનાનું વર્ણન કરે છે જે તેમના સંબંધોની ઊંડાઈ દર્શાવે છે. અભિનેત્રી સમજાવે છે કે શિખર તે સમયે લંડનમાં અભ્યાસ કરી રહ્યો હતો, પરંતુ તેની માતાના મૃત્યુ પછી, તેણે અભ્યાસમાંથી વિરામ લીધો અને મુંબઈ પાછો ફર્યો.જાહ્નવીના જણાવ્યા મુજબ, શિખરે તે સમયે તેની સાથે રહેવા માટે શાંતિથી તેની રહેવાની વ્યવસ્થા બદલી નાખી હતી. અભિનેત્રી સમજાવે છે કે તે સમય દરમિયાન, શિખર તેના પિતા સાથે મુંબઈ ટાઉન વિસ્તારમાં રહેતો હતો.

કાગીસો રબાડાએ ટેસ્ટ ક્રિકેટમાં ૨૩મી વખત શૂન્ય રન પર આઉટ થઈને શરમજનક રેકોર્ડ બનાવ્યો

કેપટાઈન,

કેપટાઉનમાં દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે, દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર કાગીસો રબાડાએ એક શરમજનક રેકોર્ડ બનાવ્યો જેને તે ભૂલી શકશે નહીં. પહેલા દિવસે, ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કની ઘાતક બોલિંગ સામે રબાડા પોતાનું ખાતું પણ ખોલી શક્યા નહીં. તે હવે ટેસ્ટ ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકા માટે સૌથી વધુ શૂન્ય રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ ૨૩મો પ્રસંગ હતો જ્યારે રબાડા શૂન્ય આઉટ થયા હતા. આ રેકોર્ડમાં તેમણે મોર્ન મોર્કલનો



૨૨ શૂન્ય આઉટનો રેકોર્ડ તોડ્યો હતો.દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની શ્રેણીની આ મહત્વપૂર્ણ અને રોમાંચક મેચમાં, ટોસ હારી પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનારા યજમાન ટીમે સારી શરૂઆત કરી હતી. એક સમયે, દક્ષિણ આફ્રિકાએ શાનદાર રમત રમી અને મોટા સ્કોરનો પાયો નાખ્યો, પરંતુ ઓસ્ટ્રેલિયન બોલરોએ પાછળથી શાનદાર વાપસી કરી, આખી ટીમને ૮૨.૩ ઓવરમાં ૩૨૯ રનમાં આઉટ કરી દીધી. ઈનિંગ્સના અંતે, મિશેલ સ્ટાર્કે તબાહી મચાવી અને આફ્રિકન બેટિંગ ઓર્ડરને તોડી નાખ્યો. સ્ટાર્કે ૮૩મી ઓવરના ત્રીજા બોલ પર કાગીસો રબાડાને શૂન્ય આઉટ કરીને દક્ષિણ આફ્રિકાની ઈનિંગ્સનો અંત લાવ્યો.જોકે કાગીસો રબાડાને વિશ્વના સૌથી ખતરનાક બોલરોમાંના એક માનવામાં આવે છે, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તેમનો ખરાબ રેકોર્ડ છે જેને તે ક્યારેય ભૂલવા માંગશે નહીં. મેચના પહેલા દિવસે, ઓસ્ટ્રેલિયન બોલર મિશેલ સ્ટાર્કની જવલંત બોલિંગ સામે દક્ષિણ આફ્રિકાની આખી ટીમ ૩૨૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

લોસ એન્જલસમાં ફિલ્મ રામાયણનું ખાસ સ્ક્રીનિંગ : રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશની એન્ટ્રી પર 'જય શ્રી રામ' ના નારા

મુંબઈ,

ભારતીય સિનેમા ફિલ્મ 'રામાયણઃ રાઇઝ ઓફ અ લિજેન્ડ' ને લઈને ઉત્સાહ વધી રહ્યો છે. દરમિયાન, ફિલ્મની ટીમે અમેરિકાના લોસ એન્જલસમાં એક ખાસ સ્ક્રીનિંગનું આયોજન કર્યું હતું. ફિલ્મના મુખ્ય કલાકારો, રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ, મંગળવાર, ૨૭ ઓક્ટોબરના રોજ એકેડેમી મ્યુઝિયમ ઓફ મોશન પિક્ચર્સ ખાતે આયોજિત આમંત્રણ-માત્ર પ્રીમિયરમાં હાજરી આપી હતી. દિગ્દર્શક નિતેશ તિવારી અને નિર્માતા નમિત મલ્હોત્રા પણ હાજર હતા. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં સ્ટાર્સ રેડ કાર્પેટ પર



ફોટા માટે પોઝ આપતા જોવા મળ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ચાહકોએ "જય શ્રી રામ" ના નારા લગાવ્યા હતા, જેનાથી વાતાવરણમાં રોમાંચ ફેલાયો હતો. ભારતીય પૌરાણિક કથાઓ પર આધારિત આ ભવ્ય ફિલ્મના આંતરરાષ્ટ્રીય સ્ક્રીનિંગે ફરી એકવાર ચર્ચા જગાવી છે.

લોસ એન્જલસ ઈવેન્ટમાં કલાકારોના દેખાવે પણ ધ્યાન ખેંચ્યું હતું. ભગવાન રામની ભૂમિકા ભજવતા રણબીર કપૂરે ચાંદીના રંગનો ચમકતો બંધગલા ડ્રેસ પહેર્યો હતો. તેના દેખાવે પરંપરાગત ભારતીય પોશાકને આધુનિક ટ્વિસ્ટ સાથે મિશ્રિત કર્યો હતો. ફિલ્મમાં સીતાની ભૂમિકા ભજવતી સાઈ પલ્લવી, જટિલ ભરતકામવાળી લાલ ઝરદોઝી સાડી પહેરીને આવી હતી. તેણીએ ખુલ્લા વાળ સાથે હળવો મેકઅપ પસંદ કરીને પોતાનો દેખાવ સરળ રાખ્યો હતો. દરમિયાન, રાવણની ભૂમિકા ભજવતા અને ફિલ્મમાં નિર્માતા યશે કાળા રંગનો પોશાક પહેર્યો હતો. તેણે આકર્ષક બ્રોચ અને સનગ્લાસ સાથે પોતાનો દેખાવ પૂર્ણ કર્યો હતો. યશ સાથે તેમની પત્ની, અભિનેત્રી રાધિકા પંડિત પણ હતા, જે લીલા અને સોનાના સિલ્ક સાડીમાં જોવા મળ્યા હતા.

પ્રીમિયર સ્ક્રીનિંગ દરમિયાન "જય શ્રી રામ" ના નારા ગુંજતા રહ્યા. સ્ક્રીનિંગ દરમિયાન રિલીઝ થયેલા એક વીડિયોમાં, કલાકારો રેડ કાર્પેટ પર કેમેરા માટે પોઝ આપતા જોઈ શકાય છે. ચાહકોએ ખાસ પ્રસંગે "જય શ્રી રામ" ના નારા લગાવીને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો. ધાર્મિક અને પૌરાણિક પૃષ્ઠભૂમિ પર બનેલી આ ફિલ્મે દર્શકોમાં પહેલેથી જ નોંધપાત્ર રસ જગાડ્યો છે. પરિણામે, લોસ એન્જલસમાં આયોજિત આ કાર્યક્રમ ફિલ્મની આંતરરાષ્ટ્રીય પહોંચ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ કાર્યક્રમ સામાન્ય લોકો માટે ખુલ્લો નહોતો, પરંતુ ફક્ત પસંદગીના મહેમાનોને જ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

"રામાયણઃ રાઇઝ ઓફ અ લિજેન્ડ" નું નિર્માણ મોટા પાયે થઈ રહ્યું છે.

બોલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટ પુત્રી રિયા અને પરિવાર સાથે વેકેશન માણવા ગોવા પહોંચી

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટ આ દિવસોમાં તેના પરિવાર સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવી રહી છે. ગોવામાં તેના વેકેશનનો એક ફોટો સામે આવ્યો છે, જેમાં તે તેની પુત્રી રિયા, સાસુ નીતુ કપૂર, માતા સોની રાઝદાન, પિતા મહેશ ભટ્ટ અને બહેન શાહીન ભટ્ટ સાથે જોવા મળી રહી છે. આ ફેમિલી વેકેશનમાં પરિવારના અન્ય સભ્યો પણ સામેલ છે. ફોટામાં બધા સુંદર દેખાય છે. જોકે, આલિયાના પતિ અને અભિનેતા રણબીર કપૂર આ ખાસ પ્રસંગે જોવા મળ્યા ન હતા. તેમની ગેરહાજરી પણ ધ્યાન ખેંચી રહી હતી.આ ફોટો એક રિસોર્ટનો છે જ્યાં પરિવાર માટે ખાસ બોહો-થીમ આધારિત સેટઅપ બનાવવામાં આવ્યું છે. ફોટામાં, પરિવારના સભ્યો સાથે સમય



વિતાવતા અને કેમેરા માટે પોઝ આપતા જોવા મળે છે. બધાએ આ પ્રસંગ માટે બેજ, બ્રાઉન અને સફેદ જેવા હળવા રંગો પસંદ કર્યા, જે ફોટાને આરામદાયક અને સ્ટાઇલિશ લુક આપે છે. આલિયા ભટ્ટ બેજ ઓફ-શોલ્ડર ગાઉનમાં જોવા મળે છે. તેનો લુક સરળ છતાં ભવ્ય છે. તેની માતા સોની રાઝદાન, બહેન શાહીન ભટ્ટ અને કાકીએ પણ સમાન રંગોના પોશાક પહેર્યા હતા. મહેશ ભટ્ટ અને શાહીનનો બોયફ્રેન્ડ સફેદ રંગમાં જોવા મળે છે. બીજી તરફ, નીતુ કપૂરે સફેદ પેન્ટ સાથે બ્રાઉન ટી-શર્ટ પહેરી હતી. પરિવારના સભ્યોના કપડાંની રંગ યોજના ફોટોને ખાસ બનાવે છે.આ કૌટુંબિક વેકેશનની સૌથી ખાસ વાત એ છે કે આલિયા તેની પુત્રી રિયા સાથે સમય વિતાવતી જોવા મળી રહી છે.

શબ્દ શોધો

ભો	સ	ર	બં	શિ	અ	ઈ	ર	ખ	ર	ગ	કા
ર	રા	લા	ણા	વા	ધ	ફ	અ	ઔ	બૂ	કા	મા
લ	વા	ઊ	કા	ન	ઈ	ર	બા	બૂ	આ	ઔ	દ
ર	રી	સ	લ	ધ	ત	જ	બા	બિ	સ	ધ	સ
સા	ફ	જ્ઞા	દ	તી	વા	બા	ગ	જ	પ્ર	વા	ન
એ	ભ	ર	ણે	ળ	કા	દ	વા	અઃ	મા	ભા	દ
ત	મ	બા	ર	રો	મા	આ	ક	ક	દ	એ	ઓ
અ	રો	ભા	દ	વા	ઈ	સ	દા	ઓ	મ	ળ	કા
બ	એ	ક	તી	બા	ત	પ્રા	ર	ઈ	ઊ	હિ	મા
ણિ	રા	હિ	અઃ	ગ	કી	મા	ધ	રા	ર	લા	મા
સા	ઉ	બ	ર	અ	ળ	ણિ	બ	કા	પ્ર	તી	કુ
પ્ર	સા	દ	ર	બા	જી	ક	મા	શ	ચી	ખ	ન

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

ગીતકાર અને લેખક જાવેદ અખ્તરે સોશિયલ મીડિયાથી વિરામ લીધો : સકારાત્મક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે

મુંબઈ,

પ્રખ્યાત ગીતકાર અને લેખક જાવેદ અખ્તર ફરી એકવાર સમાચારમાં છે. આ વખતે, કારણ કોઈ નિવેદન કે ફિલ્મ પ્રોજેક્ટ નથી, પરંતુ સોશિયલ મીડિયા પર તેમણે કરેલી પોસ્ટ છે. જાવેદ અખ્તરે જાહેરાત કરી છે કે તેઓ થોડા દિવસો માટે સોશિયલ મીડિયાથી વિરામ લઈ રહ્યા છે. તેમની પોસ્ટમાં, તેમણે કેટલાક લોકોના વર્તનથી નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે મૂર્ખતા, અપ્રમાણિકતા અને બેજવાબદારી જોવી તણાવપૂર્ણ છે. તેથી, તે થોડા સમય માટે આ બાબતોથી દૂર રહેવા માંગે છે અને સકારાત્મક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. તેમની પોસ્ટે સોશિયલ મીડિયા વપરાશકર્તાઓમાં ચર્ચા જગાવી છે. કેટલાક તેમનું સમર્થન કરી રહ્યા છે, જ્યારે કેટલાક તેમના તાજેતરના નિવેદનો અને વિવાદોને ટાંકીને પ્રતિક્રિયા આપી રહ્યા છે.

જાવેદ અખ્તરે તેમની પોસ્ટમાં લખ્યું છે કે તેઓ સકારાત્મક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે થોડા દિવસો માટે વિરામ લઈ રહ્યા છે. તેમણે કેટલાક લોકોના વર્તન પર વધુ ટિપ્પણી કરતા કહ્યું કે તેમની મૂર્ખતા અને અપ્રમાણિકતા જોઈને ખૂબ જ નિરાશા થાય છે. તેમણે આશ્ચર્ય પણ વ્યક્ત કર્યું કે આવા લોકો આપણા બાકીના લોકોની જેમ માનવ જાતિ, હોમો સેપિયન્સનો ભાગ છે. જોકે, જાવેદ અખ્તરે તેમની



પોસ્ટમાં કોઈ વ્યક્તિનું નામ લીધું નથી, કે તેમણે સ્પષ્ટ કર્યું નથી કે તેઓ કોનો ઉલ્લેખ કરી રહ્યા છે. આમ છતાં, પોસ્ટ સામે આવતાની સાથે જ વપરાશકર્તાઓ અનુમાન લગાવવા લાગ્યા.

જાવેદ અખ્તરની પોસ્ટ પર પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. એક વપરાશકર્તાએ તેમનું સમર્થન કરતા લખ્યું છે કે તેમણે મૂર્ખ લોકો પર પોતાની ઉર્જા બગાડવી જોઈએ નહીં અને પોતાની માનસિક શાંતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. બીજા એક વ્યક્તિએ તેમને નસીરુદ્દીન શાહ સાથે સંબંધિત કોઈ પણ બાબતની ચિંતા ન કરવાની સલાહ આપી. કેટલાકે કટાક્ષમાં લખ્યું કે આવા લોકો ડાર્વિનના સિદ્ધાંતમાં માનતા નથી. આ પ્રતિક્રિયાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે જાવેદ અખ્તરની પોસ્ટ સોશિયલ મીડિયા પર વિવિધ ચર્ચાઓ જગાવી રહી છે. જોકે, ગીતકારે તેમની પોસ્ટમાં કોઈ ચોક્કસ વિવાદનો સીધો ઉલ્લેખ કર્યો નથી.

જાવેદ અખ્તર તાજેતરમાં અભિનેત્રી રશ્મિકા મંડન્નાની હિન્દી બોલવાની શૈલીને લગતી ઓનલાઈન ચર્ચા પર પોતાના મંતવ્ય માટે હેડલાઈન્સમાં આવ્યા હતા. તેમણે આવી ચર્ચાઓને અયોગ્ય ગણાવી હતી, અને કહ્યું હતું કે એક ભાષા બીજી ભાષા કરતાં શ્રેષ્ઠ હોવાનો વિચાર જ ખોટો છે. તેમણે રશ્મિકાના હિન્દી ઉચ્ચારણની મજાક ઉડાવવાનો પણ વાંધો ઉઠાવ્યો હતો. જોકે, આ સમય દરમિયાન, તેમણે ભૂલથી રશ્મિકાને તમિલ અભિનેત્રી કહી દીધી, ભલે તે કન્નડ ભાષી હોય. આ પછી, સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ જાવેદ અખ્તરના જ્ઞાન પર સવાલ ઉઠાવ્યા અને તેમને ટ્રોલ કરવાનું શરૂ કર્યું. તેમણે પાછળથી તેમની ભૂલ માટે માફી માંગી.જાવેદ અખ્તર પહેલા, અમિતાભ બચ્ચને પણ તેમની કામચલાઉ સોશિયલ મીડિયા પ્રવૃત્તિની જાહેરાત કરી હતી. પોતાના ચાહકોની માફી માંગતી વખતે, અમિતાભ બચ્ચને કહ્યું કે તેમને થોડા દિવસ આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી.

રાજકોટ દિવાળીના તહેવારોને લઈ આજી જીઆઈડીસીમાં ડીસીપીનું ફૂટ પેટ્રોલિંગ

રાજકોટ,દિવાળી અને નૂતન વર્ષના પવિત્ર તહેવારોને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર રાજકોટ શહેરમાં શાંતિ, સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ જળવાઈ રહે તે માટે રાજકોટ શહેર પોલીસ સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગઈ છે. તહેવારો દરમિયાન વેપારીઓ અને સામાન્ય નાગરિકો નિર્ભયપણે ઉજવણી કરી શકે તેવા હેતુથી ડીસીપી ઝોન-૧ હેતલ પટેલની અધ્યક્ષતામાં આજી જીઆઈડીસી વિસ્તારમાં કોમ્બિંગ અને સઘન ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. તેમજ ડીસીપીની અધ્યક્ષતામાં આજી જીઆઈડીસી એસોસિએશનના હોદ્દેદારો, ઉદ્યોગપતિઓ અને અગ્રણી કારખાનેદારો સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી જેમાં સુરક્ષા વ્યવસ્થાને લઈ મહત્વની ચર્ચા કરવામાં આવી હતી.

તાજેતરમાં જ આજી જીઆઈડીસી વિસ્તારમાં આવેલા 'તન્વી ગોલ્ડ' નામના પ્રખ્યાત કારખાનામાં રૂ. ૧.૫૩ કરોડની સશસ્ત્ર લૂંટની સળગતી ઘટના બન્યા બાદ પોલીસ વિભાગ વધુ સતર્ક બન્યો છે. તહેવારોના દિવસોમાં આવી કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે અને ગુનેગારોમાં પોલીસનો ભય રહે તે માટે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીકની સૂચના મુજબ વિશેષ સુરક્ષા કોર્ડન તૈયાર કરવામાં આવ્યું છે. ડીસીપી ઝોન-૧ હેતલ પટેલની સીધી અધ્યક્ષતામાં યોજાયેલા આ ફૂટ પેટ્રોલિંગમાં થોરાળા પોલીસ સ્ટેશનના પી.આઈ શક્તિસિંહ સોઢા તેમજ એલસીબી ઝોન-૧ના પીએસઆઈ એમ.કે.મોવલીયા અને તેમના સ્ટાફે ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ જવાનો બહોળી સંખ્યામાં જોડાયા હતા. આજી જીઆઈડીસીના મુખ્ય માર્ગો, શેરીઓ, ઔદ્યોગિક એકમો, ગોડાઉનો અને નાકાઓ પર પોલીસ કાફલાએ રૂટ માર્ચ કરીને વિસ્તારને આવરી લીધો હતો.

ફૂટ પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ જણાતા વાહનોનું સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને અજાણ્યા કે શંકાસ્પદ રીતે આંટાફેરા મારતા ઈસમોની કડક પૂછપરછ કરવામાં આવી હતી. આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય વિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવાનો અને સ્થાનિક કારખાનેદારો તથા શ્રમિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત કરવાનો છે. ફૂટ પેટ્રોલિંગ પૂર્ણ કર્યા બાદ ડીસીપી હેતલ પટેલની અધ્યક્ષતામાં આજી જીઆઈડીસી એસોસિએશનના હોદ્દેદારો, ઉદ્યોગપતિઓ અને અગ્રણી કારખાનેદારો સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.



આ બેઠકમાં તાજેતરની લૂંટની ઘટનાને ધ્યાને રાખીને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે સુરક્ષા વ્યવસ્થાની ગંભીર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન પોલીસ અધિકારીઓએ કારખાનેદારોને પોતાની ફેક્ટરીઓ અને વ્યાપારી એકમોની સુરક્ષા વધારવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ખાસ સલાહ આપી હતી. આજી જીઆઈડીસી એસોસિએશનના હોદ્દેદારોએ પોલીસની આ ઝડપી અને સરાહનીય કામગીરીને બિરદાવી હતી અને પોલીસ વિભાગને પૂરેપૂરો સહયોગ આપવાની ખાતરી આપી હતી. એસોસિએશને પણ પોતાના સભ્યોને સુરક્ષા નિયમોનું કડકપણે પાલન કરવા જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર ડો.જયદીપસિંહ ડોડિયાનો ઋણ સ્વીકાર સમારોહ યોજાયો



રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને પૂર્વ ઈન્ચાર્જ કુલપતિ ડો. જયદીપસિંહ ડોડિયાનો ઋણ સ્વીકાર કાર્યક્રમ જૂનાગઢ ભવનાથ તળેટીમાં કુદરતના સાનિધ્યમાં યોજાયો ડો. સુભાષ મહિલા કોલેજના પ્રિન્સિપાલ, અતુલ્ય વારસો સન્માન અને કાગ એવોર્ડ વિજેતા ડો. બલરામ ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સામાજિક અગ્રણી યોગીભાઈ પઢિયાર, ભીમાભાઈ ડાંગર અને ભૂતપૂર્વ પ્રાધ્યાપક તથા અગ્રણી બિલ્ડર ડો. પ્રવીણ ભેડા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા

કેશોદ તાલુકાના શિલોદર જેવા નાના ગ્રામ્ય વિસ્તારમાંથી આવીને અંગ્રેજી ભાષામાં સશક્ત કારકિર્દી બનાવનાર, યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળોમાં આગવું સ્થાન ધરાવનાર અને ઈન્ચાર્જ કુલપતિ તરીકે નોંધપાત્ર સેવા આપનાર ડો. ડોડિયા વય મર્યાદાને કારણે નિવૃત થઈ રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ પચાસથી વધુ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. પ્રાપ્ત કરી છે. આ તમામ રિસર્ચ સ્કોલર્સ દ્વારા આ ઋણ સ્વીકાર કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં પાંત્રીસથી વધુ રિસર્ચ સ્કોલર્સ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં ડો. નરેશ સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યું ભક્તર કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના અધ્યક્ષ પ્રોફે. ડો. ફિરોઝ શેખે ડો. ડોડિયાનો પરિચય આપ્યો હતો.

રાજકોટ મેનેજમેન્ટ એસોસિએશનની વાર્ષિક સભા યોજાઈ

ઉદ્યોગ, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રની પ્રતિભાઓનું સન્માન



રાજકોટ, રાજકોટ મેનેજમેન્ટ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભામાં એસોસિએશનના ૫૪ સભ્યો અને મહેમાનોએ હાજરી આપી હોવાનું યાદીમાં જણાવાયું છે.

આરએમએના પ્રમુખ રાજુ હરિયાણી તથા માનદ મંત્રી વિશાલ સરવૈયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભામાં એસોસિએશનની વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ, કામગીરી તથા ભાવિ આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટ મેનેજમેન્ટ એસોસિએશન છેલ્લા ૩૭ વર્ષથી મેનેજમેન્ટો ક્ષેત્રે જ્ઞાન, નેતૃત્વે અને વ્યાવસાયિક વિકાસને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહ્યું છે. ્નાથી મ મુખ્યન ત્રણ આધારસ્તંભ ઉદ્યોગ , શિક્ષણ અને સમાજ છે. આ ત્રણેય ક્ષેત્રો વચ્ચે સેતુરૂપ બનીને સંસ્થાય રાજકોટ અને સૌરાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી રહી હોવાનું જણાવાયું હતું.

આ પ્રસંગે આ ત્રણેય આધારસ્તંભો સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર અને સમાજ માટે નિ:સ્વાર્થ સેવા કરનાર પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.શિક્ષણ ક્ષેત્રે જાણીતા એસ્ટ્રોસફિઝિસિસ્ટ ડો.જે.જે. રાવલ તથા ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી ના પૂર્વ વાઇસ ચાન્સેલર ડો.નવીન શેઠ, ઉદ્યોગ ક્ષેત્રે સિનોવા ગિયર્સના ડિરેક્ટર જમન પટેલ અને સામાજિક ક્ષેત્રે ગિરગંગા પરિવાર ટ્રસ્ટનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વી.વી.પી. કોલેજના ટ્રસ્ટી શ્રી પીયૂષ વણઝારા તથા કિશોરભાઈ હેમાણી ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન સંસ્થાીના માનદ મંત્રી વિશાલ સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજકોટના ડીઆરએમની રેલ મુસાફરોને મોબાઈલ ફોન -ઓડિયો ઉપકરણોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અપીલ

સહમુસાફરોની સુવિધા માટે ઈયરફોન/હેડફોનનો ઉપયોગ કરવા અને મોટેથી વાતચીત કરવાનું ટાળવા અનુરોધ



રાજકોટ, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન રેલવે પ્રશાસને મુસાફરોને અપીલ કરી છે કે તેઓ સહમુસાફરોની સગવડ અને સુવિધાને ધ્યા નમાં રાખીને ટ્રેનો તથા રેલવે પરિસરમાં મોબાઈલ ફોન તેમજ ઑડિયો ઉપકરણોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે.

મુસાફરોને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ મોબાઈલ ફોન પર સ્પીકર મોડમાં સંગીત અથવા વિડિયો ન વગાડે અને ઑડિયો સામગ્રી સાંભળવા માટે ઈયરફોન કે હેડફોનનો ઉપયોગ કરે. આ સાથે જ, મુસાફરી દરમિયાન અથવા રેલવે પરિસરમાં મોટેથી વાતચીત કરવાનું ટાળે, જેથી અન્યુ મુસાફરોને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

મુસાફરોને જાણ કરવામાં આવે છે કે સ્પી કર મોડ પર મોટેથી સંગીત કે વિડિયો વગાડવો અથવા મોબાઈલ ફોન પર ઊંચા અવાજે વાતચીત કરીને સહમુસાફરોને અસુવિધા પહોંચાડવી, રેલવે અધિનિયમ અંતર્ગત ઉપદ્રવી વર્તનની શ્રેણીમાં આવી શકે છે. આવા કિસ્સાીઓમાં રેલવે અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૧૪૫ ની લાગુ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. આ અંતર્ગત રૂા. ૧,૦૦૦/- સુધીનો દંડ તેમજ અન્યુ નિર્ધારિત દંડાત્મરક કાર્યવાહીની જોગવાઈ છે. અધિકળત રેલવેકર્મી દ્વારા મનાઈ કરવા છતાં આવું વર્તન ચાલુ રાખવા પર નિયમ મુજબ આગળની કાર્યવાહી પણ થઈ શકે છે.

રાજકોટ ડિવિઝન રેલવે પ્રશાસન તમામ મુસાફરોને અપીલ કરે છે કે તેઓ રેલ પ્રવાસ દરમિયાન સામાન્યડ શિષ્ટાચારનું પાલન કરે તેમજ સહમુસાફરોની સુવિધા અને સગવડનું સન્માસન કરે.મુસાફરોના સહયોગથી રેલ મુસાફરીને સૌના માટે સુખદ, શાંતિપૂર્ણ અને સુવિધાજનક બનાવી શકાય છે.

રાજકોટમાં મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્વિમિંગ પુલનું ગ્રુપ બન્યુ સ્વાસ્થ્ય-હુંફનું કેન્દ્ર

નિયમિત સ્વિમિંગ માત્ર શારીરિક કસરત નથી પરંતુ તે માનસીક પ્રસન્નતા, સ્વસ્થ જીવનશૈલી

રાજકોટ

આજના વ્યસ્ત જીવનમાં સ્વાસ્થ્ય જાળવવા માટે લોકો વિવિધ પ્રકારની શારીરિક પ્રવૃત્તિઓ અપનાવે છે. રાજકોટના કાલાવડ રોડ પર આવેલા મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્વિમિંગ પુલ ખાતે નિયમિત સ્વિમિંગ કરતા લોકોનું ગ્રૂપ સ્વાસ્થ્ય, આનંદ, મિત્રતા અને પરસ્પર લાગણીનું સુંદર ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. અહીં સ્વિમિંગ માત્ર કસરત પૂરતું સીમિત નથી, પરંતુ રોજિંદા જીવનમાં સકારાત્મકતા અને સામાજિક જોડાણ જાળવવાનું માધ્યમ પણ બન્યું છે.

આ ગ્રૂપમાં કોઈ પોતાની શારીરિક ક્ષમતા વધારવા માટે સ્વિમિંગ કરે છે, તો કોઈ પોતાની અનુકૂળતા અને ક્ષમતા પ્રમાણે સ્ટ્રિન્ટ લગાવીને કસરત કરે છે. કોઈને તબીબી કારણોસર ચાલવામાં મુશ્કેલી હોય અથવા ડોક્ટરે ચાલવા અંગે મર્યાદા સૂચવી હોય તો તે પોતાની સ્થિતિને



અનુરૂપ સ્વિમિંગનો વિકલ્પ અપનાવે છે. જ્યારે કેટલાક સભ્યો નિવૃત્તિ પછી મળેલા સમયનો સદુપયોગ કરીને દરરોજ નિયમિત ૪૫ મિનિટ સ્વિમિંગ કરવાનો આનંદ માણે છે. દરેકનો હેતુ અલગ હોવા છતાં સૌમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ જોવા મળે છે.

સ્વિમિંગ દરમિયાન અને ત્યારબાદ ગ્રૂપના સભ્યો વચ્ચે રોજિંદા જીવનની વિવિધ ઘટનાઓની ચર્ચા પણ થાય છે. જમીન-મકાનના વ્યવહારો, શેરબજારની હિલચાલ અને સમાજમાં બનતી ઘટનાઓ અંગે વિચારો અને અનુભવોની આપ-લે થાય છે. આમ, સ્વિમિંગ પુલ જાણે આરોગ્યની સાથે જ્ઞાન અને અનુભવની આપ-લેનું અનૌપચારિક કેન્દ્ર બની જાય છે.

આ ગ્રૂપની સૌથી સુંદર વિશેષતા એકબીજા પ્રત્યેની લાગણી અને કાળજી છે. કોઈ સભ્ય એકાદ-બે દિવસ સ્વિમિંગ માટે ન આવે તો અન્ય સભ્યો તેના ખબર-અંતર પૂછે છે. જરૂરિયાતના સમયે એકબીજાને ઉપયોગી થવું, માર્ગદર્શન આપવું અને હૂંફ આપવી એ આ ગ્રૂપની આગવી ઓળખ છે. આમ, કાલાવડ રોડ પરના મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્વિમિંગ પુલનું આ ગ્રૂપ સાબિત કરે છે કે નિયમિત સ્વિમિંગ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ તે માનસિક પ્રસન્નતા, સ્વસ્થ જીવનશૈલી અને સામાજિક સંબંધોને મજબૂત બનાવવાનું માધ્યમ પણ છે.

પડધરીનાં તરઘડીના સ્મશાનમાં કાળી ચૌદશના દિવસે વિજ્ઞાન જાથાનો જન જાગૃતિ કાર્યક્રમ

સ્મશાનના ખાટલે બેસી ગ્રામજનો કકળાટના વડા-ભજીયા ખાશે: મેલી વિદ્યાની નનામી કાઢશે

રાજકોટ, આગામી કાળી ચૌદશના દિવસે જન જાગૃતિ માટે વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાની આગેવાનીમાં રાજય કક્ષાનો રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના તરઘડી ગામના સ્મશાનમાં લોકસહકારથી તા. ૭ મી નવેમ્બર રાત્રીના ૮-૦૦ કલાકે મેલીવિદ્યાની નનામી, ભૂતપ્રેતનું સરઘસ, મશાલ સરઘસથી પ્રારંભ કરી સ્મશાનમાં મોડી રાત સુધી નવતર કાર્યક્રમોથી કરવામાં આવશે. રાજયમાં જાથાની શાખાઓ ઉપરાંત નાના-મોટા નગરોના સ્મશાનમાં જાગળતિ કાર્યક્રમ આપી અંધશ્રદ્ધા દૂર કરવાના પ્રયત્નો થશે. ગામના પંચાયત ચોકથી સ્મશાન સુધી ભૂતપ્રેતનું ભવ્ય સરઘસ નીકળશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યા જણાવે છે કે કાળીચૌદશના દિવસે હોમ-હવન, કાળભૈરવની ઉપાસના વિગેરે કરવામાં આવે છે. વાસ્તવમાં જાથાએ રાજયમાં ૩૧ વર્ષથી સ્મશાન અને કહેવાતી ખરાબ જગ્યાએ કાર્યક્રમો, ખંડન સંબંધી વાસ્તવિક કાર્યક્રમો આપ્યા છે. તેમાં જાથાને આજ સુધી કોઈ ખરાબ પરિણામ, અસર કે એક મિનિટ/સેકન્ડ માટે પણ હાનિ-નુકશાન કે અનહોનિ થઈ નથી. માત્રને માત્ર બકવાસ, તથ્યહિન ક્રિયાકાંડો સાબિત કર્યા છે.

જાથાના પંડ્યા જણાવે છે કે આ વર્ષે રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના તરઘડી ગામના સ્મશાનમાં કાળી ચૌદશની ઉજવણીનું ૩૪ મું વર્ષ પુર્ણ થશે. જાથાના પાર્થ ગોહેલ, ગૌતમ સોલંકી, નિર્મળ મેત્રા, રાજુ યાદવ, ભોજાભાઈ ટોયટા, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, હર્ષાબેન પંડ્યા વકીલ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન શેઠીયા અનેક કાર્યકરો પ્રયોગ નિદર્શનમાં જોડાવવાના, રાજયના જિલ્લા તાલુકા, ગ્રામ્ય મથકે જાથાને ટેકો આપવા ગામેગામ સ્મશાનમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ કાયદાની મંજુરી મેળવીને જાગૃતિ કાર્યક્રમો યોજવા સંબંધી અપીલ કરવામાં આવે છે.

અદાણી પોર્ટ્સનું શાનદાર પ્રદર્શન: બીજા ત્રિમાસિકમાં આવક ૨૪% અને નફો વધીને રેકોર્ડ સ્તરે પહોંચ્યો

રાજકોટ:અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિ. એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા છે, જેમાં કંપનીએ શાનદાર પ્રદર્શન નોંધાવ્યું છે. આ ત્રિમાસિક ગાળામાં કંપનીની એકીકૃત આવક ૨૪% વધીને રુ.૧૧,૩૪૦ કરોડ અને એબિડટા ૨૩% વધીને રુ.૬,૮૦૭ કરોડ થઈ છે. ગત વર્ષના બીજા ત્રિમાસિકની સરખામણીમાં કર બાદનો નફો ૧૮% વધીને રુ.૩,૬૮૨ કરોડ પર પહોંચ્યો છે.ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનાના મજબૂત પ્રદર્શનને ધ્યાનમાં રાખીને અદાણી પોર્ટ્સ દ્વારા આવક અને એબિડટાના પ્રત્યેક લક્ષ્યાંકોમાં રુ.૧,૦૦૦ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે હવે વાર્ષિક આવકનું અનુમાન રુ.૪૪,૦૦૦ થી રુ.૪૬,૦૦૦ કરોડ અને એબિડટાનું અનુમાન રુ.૨૬,૦૦૦ થી રુ.૨૭,૦૦૦ કરોડનું નિર્ધારિત કરવામાં આવ્યું છે. કંપનીના પૂર્ણકાલીન ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારી અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે સ્થાનિક બંદરો અમારી કમાણીને મજબૂત બનાવી રહ્યા છે, જયારે આંતરરાષ્ટ્રીય બંદરો, લોજિસ્ટિક્સ અને મરીન ક્ષેત્ર શક્તિશાળી વૃદ્ધિ એન્જિન તરીકે ઉભરી આવ્યા છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૩૧ના લક્ષ્યાંકો હાંસલ કરવા માટે પોતાના મૂડી ખર્ચના અનુમાનમાં રુ.૩,૦૦૦ કરોડનો વધારો કરીને તેને રુ.૧૫,૦૦૦ થી રુ.૧૭,૦૦૦ કરોડ કર્યો છે. સમીક્ષા હેઠળના સમયગાળામાં ઘરેલું બંદરોની આવકમાં ૧૩%, આંતરરાષ્ટ્રીય બંદરોની આવકમાં ૭૧%, લોજિસ્ટિક્સની આવકમાં ૨૧% અને મરીન વ્યવસાયની આવકમાં ૫૭% નો મજબૂત વધારો નોંધાયો છે.

સૌરાષ્ટ્ર યુનિ.ની સેમ-૩ની પરીક્ષાનો શાંતીપૂર્ણ પ્રારંભ: ૫૧૯૫૪ વિદ્યાર્થીઓ છાત્રોએ પરીક્ષા આપી

રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિ.ની સ્નાતક-અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર-૩ની પરીક્ષાનો આજથી શાંતીપૂર્ણ પ્રારંભ થવા પામેલ છે. યુનિ. ભવનો અને કોલેજોમાં યોજાઈ રહેલી આ પરીક્ષામાં પરીક્ષા ચોરી અને ગેરરીતિના બનાવો ડામવા ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.

યુનિ.ના ભવનો અને વિવિધ કોલેજોના ૫૧૯૫૪ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે. જેમાં બીએ સેમ-૩ના ૧૪૫૯૦ બીએ સેમ-૩ એક્ષટર્નલના ૧૮૧૦ બીએ આઈડી સેમ-૩ એક્ષટર્નલના ૨૬૦ એમકોમ સેમ-૩ના ૧૬૦૦, એમકોમ સેમ-૩ એક્ષર્ટનલના ૧૦૮૦ બીસીએ સેમ-૩ના ૧૬૮૨, બીએસસી આઈટી સેમ-૩ના ૩૨૦, એમએસસી સેમ-૩ના ૫૪૦ એમએસસી આઈટી સેમ-૩ના ૫૦૯, બીએસસી (એચએસ) સેમ-૩ના ૪૪ સહિત કુલ ૫૧૯૫૪ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે. યુનિ. ભવનો અને કોલેજોના પરીક્ષા કેન્દ્રો પરથી લેવાતી આ પરીક્ષામાં ગેરરીતિની કોઈ ઘટના ન બને તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે.



રાજકોટમાં શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમે દિવાળીએ ચોપડા પૂજનઃ નામ નોંધણી શરૂ

રાજકોટ, દર વર્ષની જેમ આ વર્ષ પણ શ્રી સદગુરૂ સદન ટ્રસ્ટ (પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ), રાજકોટ દ્વારા તા.૦૮/૧૧/૨૬, રવિવાર, દિપાવલીનાં શુભ દિવસે, સવારે ૧૧:૫૨ કલાકે, શ્રી ગુરૂનાં હોરામાં, અમૃત ચોઘડીયે શ્રી સમૂહ ચોપડા પુજનનું આયોજન કરવામાં આવેલ છે.



જે કોઈ ગુરૂભાઈઓ, પેઢીઓ, પોતાનાં ચોપડાઓનું પુજન કરાવવા ઈચ્છતા હોય તેઓએ પોતાનાં નામ શ્રી સદગુરૂ સદન ટ્રસ્ટ, ડોનેશન વિભાગમાં તા.૨, ગુરૂવારથી તા.૦૫/૧૧, ગુરૂવાર સુધી વહેલાને પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે, તથા નામ નોંધાવેલ દરેક ગુરૂભાઈઓ, સંસ્થાઓ, પેઢીઓએ તા.૦૮/૧૧, રવિવારે, શુભ દિપાવલીનાં દિવસે નિયત સમય હાજર રહેવું. નામ નોંધાવાનો સમયઃ સવારે ૮ થી ૧ બપોરઃ ૪ થી ૮ વાગ્યો સુધી રહેશે.

અમેરિકાથી પરત મોકલાયેલા ભારતીયો સાથે સંકળાયેલા ડોન્કી રૂટ કેસમાં દિલ્હી સ્થિત એજન્ટની ધરપકડ

ઈડીની જલંધર ઝોનલ ઓફિસે પંજાબ અને હરિયાણા પોલીસ દ્વારા નોંધાયેલી અનેક FIRના આધારે ચાલી રહેલી તપાસના ભાગરૂપે ખોસલાની ધરપકડ

નવી દિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ફેબ્રુઆરી ૨૦૨૫માં યુનાઈટેડ સ્ટેટ્સમાંથી દેશનિકાલ કરાયેલા ભારતીયો સાથે સંકળાયેલા 'ડોન્કી રૂટ' (ગેરકાયદેસર સ્થળાંતર માર્ગ) કેસમાં દિલ્હી સ્થિત એક ટિકિટિંગ એજન્ટની ધરપકડ કરી છે. તરુણ ખોસલા નામના આ આરોપીની ૨૩ ઓક્ટોબરે 'પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ' (PMLA), ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. PMLAની એક વિશેષ અદાલતે તેને ૩૦ ઓક્ટોબર સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દીધો છે. ઈડીની જલંધર ઝોનલ ઓફિસે પંજાબ અને હરિયાણા પોલીસ દ્વારા નોંધાયેલી અનેક FIRના આધારે ચાલી રહેલી તપાસના ભાગરૂપે ખોસલાની ધરપકડ કરી છે. આ FIR 'ભારતીય ન્યાય સંહિતા' (BNS), ૨૦૨૩ (જે અગાઉ 'ઇન્ડિયન પીનલ કોડ', ૧૮૬૦ તરીકે ઓળખાતો હતો) અને 'ઇમિગ્રેશન એક્ટ', ૧૯૮૩ની વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવી હતી. આ તપાસ ફેબ્રુઆરી ૨૦૨૫માં યુનાઈટેડ સ્ટેટ્સમાંથી ૩૦૦થી વધુ ભારતીય નાગરિકોને દેશનિકાલ કરવામાં આવ્યા બાદ શરૂ થઈ છે. આ લોકો પર મેક્સિકો સરહદ થઈને ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો આરોપ હતો.

ઈડીએ જણાવ્યું હતું કે તપાસમાં બહાર આવ્યું છે કે, "અમેરિકા જવા ઈચ્છતા લોકોને એજન્ટો અને વચેટિયાઓએ કાયદેસરના માર્ગે મોકલવાનું ખોટું આશ્વાસન આપ્યું હતું. પરંતુ, તેના બદલે તેમને 'ડોન્કી રૂટ' દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ પ્રક્રિયામાં સ્થાનિક 'ડોન્કર્સ' (ગેરકાયદેસર રીતે સરહદ પાર કરાવનારા) અને માફિયાઓની મદદથી દક્ષિણ અને મધ્ય અમેરિકાના અનેક દેશોની સરહદોને અત્યંત જોખમી માર્ગો દ્વારા ગેરકાયદેસર રીતે પાર કરવામાં આવતી હતી."

ઈડી દ્વારા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આવા લોકો પાસેથી આશરે ૩૦ લાખથી ૬૦ લાખ રૂપિયા વસૂલવામાં આવતા હતા.

આ પહેલાં, આ કેસના સંદર્ભમાં ૯ જુલાઈ ૨૦૨૫ અને ૧૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ઈડી દ્વારા ૧૯ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન વાંધાજનક દસ્તાવેજો, રેકોર્ડ્સ, ડિજિટલ ઉપકરણો અને અન્ય સામગ્રી મળી આવી હતી, જેમાં નિકારાગુઆ અને ઇથોપિયાના નકલી ઇમિગ્રેશન સ્ટેમ્પ અને વિઝા સ્ટેમ્પનો પણ સમાવેશ થાય છે.

સરકારી કર્મચારીઓની દિવાળી સુધરી : કેન્દ્રીય કર્મચારીના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

૪૮ લાખ કર્મચારીઓ અને ૬૮ લાખ પેન્શનરોને ફાયદો થશે : કેન્દ્ર સરકારના કર્મચારીઓને હવે ૬૩ ટકા મોંઘવારી ભથ્થું મળશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે બુધવારે તેના તમામ કર્મચારીઓ માટે દિવાળી ભેટની જાહેરાત કરી, જેમાં મોંઘવારી ભથ્થા (ડીએ)માં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી. સરકારે કર્મચારીઓને આપવામાં આવતા મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી. આ તાજેતરના વધારા પછી, કેન્દ્ર સરકારના કર્મચારીઓને હવે ૬૩ ટકા મોંઘવારી ભથ્થું મળશે. સરકારે કર્મચારીઓ અને પેન્શનરો બંને માટે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયથી ૪૮ લાખ કર્મચારીઓ અને ૬૮ લાખ પેન્શનરોને ફાયદો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં, કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કેબિનેટે પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા i ૩ ટકાનો વધારો કરવાનો પણ નિર્ણય લીધો. હાલમાં, કેન્દ્ર સરકારના કર્મચારીઓને ૬૦ ટકા મોંઘવારી ભથ્થું મળે છે, જ્યારે પેન્શનરોને ૬૦ ટકા મોંઘવારી રાહત મળે છે. સરકારના નિર્ણયોની જાહેરાત કરતા, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતના નવા દર ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલમાં આવશે. અશ્વિની વૈષ્ણવે સમજાવ્યું કે કર્મચારીઓ અને પેન્શનરો માટે ડીએ અને ડીઆરમાં આ તાજેતરનો વધારો ૭મા પગાર પંચની ભલામણોના આધારે મંજૂર ફોર્મ્યુલા અનુસાર છે. આ સરકારી નિર્ણય બાદ, સરકારી કર્મચારીઓને વધેલો પગાર મળશે. આમાં જુલાઈથી અત્યાર સુધીના બાકી પગારનો સમાવેશ થશે. આનો અર્થ એ થયો કે સરકારી કર્મચારીઓને આ વખતે નોંધપાત્ર રકમ મળશે.

સુપ્રીમ કોર્ટે સાયબર ક્રાઈમને ડિજિટલ ડાકુગીરી ગણાવી

કેસોને એકત્રિત કરવાનો ઇનકાર કર્યો

નવી દિલ્હી,

સાયબર ગુનાને "ડિજિટલ ડાકુગીરી" (digital dacoity) ગણાવતા, સુપ્રીમ કોર્ટે બુધવારે બે વ્યક્તિઓ સામે ૧૨ રાજ્યોમાં પેન્ડિંગ ૩૦થી વધુ ફોજદારી ફરિયાદોને એકસાથે જોડવાની (consolidate fhðk™e) અરજી ફગાવી દીધી છે. આ વ્યક્તિઓ પર આરોપ છે કે તેમણે પોતાની કંપનીના ખાતાનો ઉપયોગ વિવિધ ગુનાઓ આચરવા માટે 'મ્યુલ એકાઉન્ટ' (ગુનાહિત નાણાંની હેરફેર માટેનું માધ્યમ) તરીકે કરવા દીધો હતો.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સૂર્યકાંત તથા જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની ખંડપીઠે કહ્યું, "ડિજિટલ ધરપકડ (digital arrests) અને આવા સાયબર ગુનાઓ એ 'ડિજિટલ ડાકુગીરી' સમાન છે... આવા લોકોને કોઈ પણ પ્રકારની ન્યાયિક રાહત કે મંચ આપવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી."

'ડિજિટલ ધરપકડ'ના નામે વરિષ્ઠ નાગરિકોને નિશાન બનાવતા સંગઠિત સાયબર ગુનાખોરીના રેકેટની આકરી ટીકા કરતા CJIએ કહ્યું કે, તેમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

CJIએ કહ્યું, "એર્નાકુલમના એક ૮૧ વર્ષીય વૃદ્ધ સાથે ૧.૯૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી અને તેમના પૈસા તમારા 'મ્યુલ એકાઉન્ટ'માં જમા થયા હતા.

ભારતીય સેનાને આંતરરાષ્ટ્રીય સરહદો પર તૈનાત કરવા માટે વધુ ૩૩૫ K9 વજ્ર-T હોવિત્ઝર તોપ મળશે

સ્વદેશી ઉત્પાદન અને તકનીકી સહયોગ દ્વારા તૈયાર કરાયેલી આ તોપોની ભારતીય સેનાની હુમલા કરવાની ક્ષમતા (સ્ટ્રાઈક કેપેબિલિટી) વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા

નવી દિલ્હી,

પાકિસ્તાન અને ચીન સાથેની સરહદો પર ભારતીય સેનાની આર્ટિલરી (તોપખાના) ક્ષમતાઓને મોટો વેગ આપતા, સંરક્ષણ મંત્રાલયે ૩૩૫ વધારાની 'K9 વજ્ર-T' (K9 Vajra-T) સેલ્ફ-પ્રોપેલ્ડ હોવિત્ઝર (સ્વયં-સંચાલિત તોપો) ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. સંરક્ષણ અધિગ્રહણ પરિષદ (DAC) એ સેનાની આર્ટિલરી રેજિમેન્ટ્સને મજબૂત કરવા માટે આ ખરીદીને મંજૂરી આપી છે. હાલમાં ભારતીય સેના પાસે K9 વજ્ર-T હોવિત્ઝરની



પાંચ રેજિમેન્ટ્સ કાર્યરત છે.

આ આર્ટિલરી સિસ્ટમ્સ એવી રીતે વિકસાવવામાં આવી છે કે તેને રણ પ્રદેશોથી લઈને અત્યંત મુશ્કેલ, ઊંચાઈવાળા ભૌગોલિક વિસ્તારો સુધી - વિવિધ પ્રકારના વાતાવરણમાં તૈનાત કરી શકાય છે. K9 વજ્ર-T એ દક્ષિણ કોરિયાની કંપની 'હાનવા' (Hanwha) દ્વારા વિકસાવવામાં આવેલી 'K9 થન્ડર' (K9 Thunder) ટેક્નોલોજી પર આધારિત છે. ભારતમાં તેનું ઉત્પાદન 'લાર્સન એન્ડ ટુબ્રો' (L&T) દ્વારા કરવામાં આવે છે.

K9 વજ્ર-T હોવિત્ઝર ૧૫૫ mm, ૫૨-કેલિબર ગન બેરલથી સજ્જ છે. સ્વદેશી ઉત્પાદન અને તકનીકી સહયોગ દ્વારા તૈયાર કરાયેલી આ તોપો ભારતીય સેનાની હુમલા કરવાની ક્ષમતા (સ્ટ્રાઈક કેપેબિલિટી) વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

અવમાનના કેસમાં સુપ્રીમ કોર્ટે સંજય રાઉતને રૂબરૂ હાજર રહેવા નિર્દેશ આપ્યો

નવી દિલ્હી/મુંબઈ,

સુપ્રીમ કોર્ટે શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતને તેમની સામે શરૂ કરવામાં આવેલી 'કોર્ટના તિરસ્કાર' (contempt of court)ની કાર્યવાહીના સંદર્ભમાં વ્યક્તિગત રીતે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. આ કાર્યવાહી તેમના દ્વારા સોશિયલ મીડિયા પર ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI), ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયતંત્ર વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓને લઈને શરૂ કરવામાં આવી છે. સંજય રાઉત ૧૭ નવેમ્બરે વ્યક્તિગત રીતે હાજર રહેશે

ન્યાયાધીશ અરવિંદ કુમાર અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની ખંડપીઠે પત્રકાર નિખિલ વાગલેને પણ નિર્દેશ આપ્યો છે કે તેઓ તે જ તારીખે કોર્ટની કાર્યવાહી દરમિયાન વર્ચ્યુઅલ રીતે (ઓનલાઈન) હાજર રહે. નિખિલ વાગલે સામે પણ તિરસ્કારની નોટિસ જારી કરવામાં આવી છે.

સર્વોચ્ચ અદાલતે તેમને ૧૭ નવેમ્બરે બપોરે ૨ વાગ્યે કોર્ટ સમક્ષ હાજર રહેવા જણાવ્યું છે.

ખંડપીઠે મૌખિક અવલોકન કર્યું હતું કે આ બાબત સમગ્ર સંસ્થાને લગતો મુદ્દો ઉઠાવે છે.

૧૬ ઓક્ટોબરે, સુપ્રીમ કોર્ટે આ મામલે રાઉત અને વાગલેને 'કારણ દર્શાવો' (show-cause) નોટિસ જારી કરી હતી, પરંતુ તે સમયે તેમને આગામી સુનાવણીમાં વ્યક્તિગત રીતે હાજર રહેવામાંથી મુક્તિ આપી હતી, કારણ કે કોર્ટે પહેલા તેમના જવાબો પર વિચાર કરવાનું નક્કી કર્યું હતું. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન દ્વારા તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર પર ભાડૂતી સૈનિકોને ભંડોળ આપવાનો આરોપ

જેરેડ કુશનરે કથિત ભંડોળ પૂરું પાડવાના આરોપોને નકારી કાઢ્યા

વોશિંગ્ટન,

ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે જોડાયેલા અબજો ડોલરના ભંડોળના કથિત કેસથી યુએઈથી યુરોપ અને અમેરિકા સુધી ખળભળાટ મચી ગયો છે. તેમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ભાડૂતી સૈનિકોને ચૂકવણી કરવામાં આવી હતી. દરમિયાન, જેરેડ કુશનરે યુએઈ, સાઉદી અરેબિયા અને ઇઝરાયલમાં વ્યક્તિઓ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડવાના આરોપોને નકારી કાઢ્યા છે. આ આરોપોને સ્પષ્ટ કરતા, જેરેડ કુશનરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક લાંબી પોસ્ટ પોસ્ટ કરી.

એક અહેવાલમાં, વેનિટી ફેરે મેથ્યુ કોલના પુસ્તક, "પ્રિન્સેસ એન્ડ થીવ્સ: જેરેડ કુશનર એન્ડ મોહમ્મદ બિન ઝાયેદનો સિક્રેટ પ્લોટ ટુ રિમેક ધ મિડલ ઈસ્ટ" માંથી એક અંશ પ્રકાશિત કર્યો. આ પુસ્તકમાં, જેમાંથી એક અંશ વેનિટી ફેરમાં પ્રકાશિત થયો હતો, મેથ્યુ કોલે લખ્યું, "૨૦૨૦ માં, એક વિશ્વસનીય સ્રોતે મને કંઈક કહ્યું: ડચ સરકારે જેરેડ કુશનરનો ફોન હેક કર્યો હતો અને જ્યારે તે દુબઈ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી રહ્યો હતો ત્યારે તેના પર નજર રાખી રહ્યો હતો." વિચિત્ર વાત એ હતી કે તે ખાતામાં લાખો ડોલર અઝરબૈજાનની એક બેંકમાંથી આવ્યા હતા. સૌથી અગત્યનું, એવું લાગે છે કે જેરેડ કુશનરે દુબઈના ખાતામાંથી એક યુદ્ધખોર, ભાડૂતી સૈનિક અને ભૂતપૂર્વ હિટમેન સહિત અન્ય વ્યક્તિઓને નોંધપાત્ર રકમ ટ્રાન્સફર કરી હતી.મેથ્યુ કોલે આગળ લખ્યું, "મેં મારા સ્રોતને કહ્યું કે આ વાર્તા સંપૂર્ણપણે વાહિયાત લાગે છે. પરંતુ છ મહિના પછી, જ્યારે હું યુએઈ સરકાર અને મધ્ય પૂર્વ અને આફ્રિકામાં સંઘર્ષોમાં ભાડૂતી સૈનિકોના ઉપયોગ વિશે બીજા કોઈ સાથે વાત કરી રહ્યો હતો, ત્યારે મેં આકસ્મિક રીતે પૂછ્યું કે શું તેઓ કુશનર અને યુએઈ બેંક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર વિશે કંઈ જાણે છે. મારો પરિચિત ચૂપ થઈ ગયો. પછી તેણે જવાબ આપ્યો, 'હા.' જોકે, કુશનરના વકીલોએ ઇનકાર કર્યો છે કે આવું બેંક ખાતું ક્યારેય અસ્તિત્વમાં નથી.

મધ્યપ્રદેશ રાજ્યસભા બેઠક પરથી પેટાચૂંટણી માટે હરદીપ પુરી નામાંકિત

નવી દિલ્હી,

મધ્યપ્રદેશની રાજ્યસભાની બેઠક માટે યોજાનારી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) તરફથી કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી ઉમેદવાર છે. માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ. મુરુગનના રાજીનામા બાદ આ બેઠક ખાલી પડી હતી.

આ પેટાચૂંટણી ૧૨ નવેમ્બરે યોજાશે.

ઉત્તર પ્રદેશમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે હરદીપ સિંહ પુરીનો કાર્યકાળ નવેમ્બરમાં પૂર્ણ થઈ રહ્યો છે. આ મહિનાની શરૂઆતમાં, ઉત્તર પ્રદેશમાં આગામી ચૂંટણીઓ માટે ભાજપે આઠ નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે, જેમાં પુરીને ફરીથી નામાંકિત કરવામાં આવ્યા નથી.

સંસદીય બાબતોનો વિભાગ સંભાળતા એલ. મુરુગને કેન્દ્રીય મંત્રીમંડળ અને રાજ્યસભા બંનેમાંથી રાજીનામું આપી દીધું છે, જોકે રાજ્યસભાના સભ્ય તરીકે તેમનો કાર્યકાળ ૨૦૩૦માં પૂર્ણ થવાનો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા રાજીનામા પત્રમાં મુરુગને જણાવ્યું હતું કે તેઓ તમિલનાડુના રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે.

આ મહિનાની શરૂઆતમાં, ઉત્તર પ્રદેશમાંથી રાજ્યસભાના તમામ ૧૦ ઉમેદવારો—જેમાં ભારતીય જનતા પાર્ટીના આઠ અને સમાજવાદી પાર્ટીના બે ઉમેદવારોનો સમાવેશ થાય છે—બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

મને પાકિસ્તાનની મધ્યસ્થી થયેલો ઈરાન શાંતિ કરાર ક્યારેય પસંદ નહોતો : ટ્રમ્પ

વોશિંગ્ટન/તેહરાન,

ઈરાને બુધવારે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની જૂનમાં થયેલા વચગાળાના યુદ્ધવિરામ કરારને "સમયનો બગાડ" ગણાવતી ટિપ્પણીઓની ટીકા કરી હતી, અને કહ્યું હતું કે તેમની ટિપ્પણીઓ વોશિંગ્ટનની રાજદ્વારી પ્રતિબદ્ધતાઓની "ખોટી છતી કરે છે". ઉલ્લેખનીય છે કે, ઈસ્લામાબાદ સમજૂતી કરાર તરીકે ઓળખાતા કરારમાં લશ્કરી કાર્યવાહીનો અંત લાવવા અને કાયમી શાંતિ કરાર સુધી પહોંચવા અને ઈરાનની પરમાણુ પ્રવૃત્તિઓ પર લાંબા સમયથી ચાલતા વિવાદને ઉકેલવા માટે ૬૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી.

પાકિસ્તાન દ્વારા મધ્યસ્થી કરાયેલ આ કરાર ઝડપથી તૂટી પડ્યો અને



ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વાટાઘાટો સહિત તેના કોઈપણ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયો. ટ્રમ્પે શું કહ્યું?

યુએસ મધ્યવર્તી ચૂંટણીઓ પહેલા તેમના અંતિમ પ્રચાર દરમિયાન સોમવારે મિસિસિપીમાં એક રેલીમાં બોલતા, ટ્રમ્પે કહ્યું કે તેમને ઈરાન સાથે યુદ્ધવિરામ કરાર "ક્યારેય ગમ્યો નહીં". તેમણે તેને "સમયનો બગાડ" ગણાવ્યો. પરંતુ, તમે જાણો છો, તમને વ્યાવસાયિકોની વાત સાંભળવી ગમે છે.

ટ્રમ્પે તેમની ટિપ્પણીઓ પર વિગતવાર માહિતી આપી ન હતી. તેઓ તેમના વહીવટીતંત્રે જૂનમાં ઈરાન સાથે કરેલા યુદ્ધવિરામનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ત્યારથી, બંને પક્ષો એકબીજા પર કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવી રહ્યા છે, જે મોટાભાગે તૂટી ગયો છે. ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બકાઈએ ટ્રમ્પની ટિપ્પણીઓની ટીકા કરી, વોશિંગ્ટન પર તેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો અને "યુએસ ગેરવર્તણૂક" તરીકે ઓળખાતા તેના માટે જવાબદારીની માંગ કરી.

યુપી ચૂંટણી: દરેક પ્રદેશ માટે એક અલગ રણનીતિ, શાહ નવેમ્બરમાં ચૂંટણી રણનીતિ તૈયાર કરશે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવેમ્બરમાં ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે

લખનૌ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવેમ્બરમાં ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં જીતની હેટ્રિકની ચાવી શોધવા માટે તમામ છ પ્રદેશોની મુલાકાત લેશે. જીત સુનિશ્ચિત કરવા માટે, તેઓ બૂથ મેનેજમેન્ટનું પુનર્ગઠન કરવાની અને સામાજિક માળખાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રદેશો માટે અલગ અલગ ચૂંટણી વ્યૂહરચના વિકસાવવાની યોજના ધરાવે છે.

શાહની પ્રાદેશિક રાજકીય નાડી અવધથી શરૂ થવાની સંભાવના છે. લખનૌની તેમની મુલાકાત ૩૦ અને ૩૧ ઓક્ટોબરે પહેલાથી જ નક્કી કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પંજાબની રાજકીય ગતિશીલતામાં વ્યસ્ત રહેલા શાહે રાજ્ય માટે તેમની રણનીતિને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. ત્યાં અકાલી દળ-ભાજપ ગઠબંધનનો પાયો નખાયો છે, અને મુદ્દાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

શાહ ૧ નવેમ્બરે ચંદીગઢમાં બાકીના મુદ્દાઓનું સંપૂર્ણ નિરાકરણ લાવ્યા પછી ઉત્તર પ્રદેશમાં ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે સંપૂર્ણપણે તૈયાર રહેશે. તેઓ નવેમ્બરમાં રાજ્યના તમામ છ પ્રદેશો - પશ્ચિમ, અવધ, કાશી, બ્રજ, ગોરખપુર અને કાનપુર-બુંદેલખંડ - ની મુલાકાત લેવાની યોજના ધરાવે છે.

તેમના પ્રાદેશિક પ્રવાસ દરમિયાન, શાહ જમીની પરિસ્થિતિને સમજવા માટે સ્થાનિક અધિકારીઓ, પ્રભારીઓ અને મુખ્ય કાર્યકરો સાથે અલગ અલગ બેઠકો કરશે. સૌથી મહત્વપૂર્ણ બેઠક પ્રદેશના



મુખ્ય કાર્યકરો સાથે હશે. તેઓ પાયાના સ્તરેથી તેમની પાસેથી પ્રતિસાદ એકત્રિત કરવાની અને ભવિષ્યની કાર્ય યોજના બનાવવાની યોજના ધરાવે છે. આ બેઠક દરમિયાન, શાહ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ જ્યાં પાછળ રહી ગયું હતું તે બૂથમાં જમીની સ્તરની તૈયારીઓનું પણ મૂલ્યાંકન કરશે.

શાહ, જેમને ૨૦૧૨માં ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે મોકલવામાં આવ્યા હતા, તેમણે ૨૦૧૪ની લોકસભા અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં દરેક પ્રદેશ માટે અલગ અલગ વ્યૂહરચના વિકસાવી હતી. ઉદાહરણ તરીકે, પશ્ચિમમાં, ભાજપનું પ્રાથમિક ધ્યાન હિન્દુત્વ હતું, જ્યારે પૂર્વમાં, પક્ષે સામાજિક સંતુલનને સંતુલિત કરવા માટે અપના દળ સહિત કેટલાક સાથી પક્ષો સાથે દળોમાં જોડાયા. સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લી લોકસભા ચૂંટણીમાં પૂર્વને ભાજપ માટે સૌથી મોટો આંચકો લાગ્યો હોવાથી, આ પ્રદેશમાં સામાજિક સંતુલનને ફરીથી આકાર આપવા માટે એક નવો અભિગમ અપનાવવાની જરૂર પડશે.

ઈન્ડોનેશિયામાં રસ્તા પર ઉતર્યા વિદ્યાર્થીઓ સરકારના પ્રતિભાવ સામે ઉગ્ર વિરોધ કર્યો

વિદ્યાર્થીઓ અને નાગરિક સમાજ જૂથોએ રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોની નીતિઓ સામે વિરોધ પ્રદર્શન કર્યું

જાકાર્તા,

બુધવારે રાજધાની જાકાર્તા અને અન્ય શહેરોમાં સેંકડો ઈન્ડોનેશિયન વિદ્યાર્થીઓ અને નાગરિક સમાજ જૂથોએ રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોની નીતિઓ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધમાં જંગલોમાં લાગતી આગને નિયંત્રિત કરવામાં સરકારની નિષ્ફળતાનો પણ સમાવેશ થાય છે.

'એલ નિનો' હવામાન પેટર્નને કારણે પીટલેન્ડ (દલદલીય જમીન) આગ માટે વધુ સંવેદનશીલ બની ગયા છે. પરિણામે, ઈન્ડોનેશિયા છેલ્લા ૧૧ વર્ષની સૌથી ભયાનક જંગલની આગ અને તેના કારણે સર્જાયેલા ધુમ્મસનો સામનો કરી રહ્યું છે. આનાથી શ્વસન સંબંધી બીમારીઓમાં વધારો થયો છે અને



પડોશી દેશો મલેશિયા તથા સિંગાપોરની હવા પણ પ્રદૂષિત થઈ છે.

જાકાર્તાના એક મુખ્ય ચોક પર પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા. કેટલાક લોકોએ ગેસ માસ્ક પહેર્યા હતા અને જંગલની આગ સામે વિરોધ દર્શાવતા પ્લેકાર્ડ્સ પકડ્યા હતા. તેઓ સરકાર પાસે આ આગને 'રાષ્ટ્રીય આપત્તિ' જાહેર કરવાની માંગ કરી રહ્યા હતા.

બુધવારે મોડી રાત્રે, સરકારના સંચાર કાર્યાલયે એક નિવેદનમાં વિદ્યાર્થીઓના મંતવ્યોનું સ્વાગત કર્યું હતું. સરકારે જણાવ્યું હતું કે, આગ માટે જવાબદાર કંપનીઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે, ધુમ્મસથી પ્રભાવિત પ્રાંતોમાં મદદ મોકલવામાં આવી છે અને સરકાર આગ પર સતત નજર રાખી રહી છે.

કેટલાક પ્રદર્શનકારીઓએ એવા પ્લેકાર્ડ્સ પકડ્યા હતા જેના પર લખ્યું હતું, "જો અમે બળીશું, તો તમે પણ અમારી સાથે બળશો." તેમણે વિરોધના પ્રતીક તરીકે ત્રણ આંગળીઓ ઊંચી કરી હતી – જે 'ધ હંગર ગેમ્સ' ફિલ્મનો સંદર્ભ છે અને હવે વિશ્વભરના યુવા આંદોલનોમાં વિરોધના પ્રતીક તરીકે અપનાવવામાં આવ્યો છે.

અન્ય જિલ્લાની જેમ અમરેલી જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરો : ખેડૂતોની ઉગ્ર માગ

પાક નુકસાનનો સર્વે કરી દિવાળી પહેલાં વળતર ચૂકવો,પાક લોન અને વ્યાજ માફ કરો; પશુઓ માટે ઘાસચારો અને પીવાના પાણીની વ્યવસ્થા કરવાની પણ માંગ





(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:અમરેલી જિલ્લાને અન્ય જીલાની જેમ જ તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે, અને પાક નુકસાનનો સર્વે કરાવી દિવાળી પહેલાં વળતર ચૂકવવામાં આવે અને ખેડૂતોની પાક લોન તથા વ્યાજ માફ કરવામાં આવે તેવી માગ વરસાદની ખેંચનો સામનો કરી રહેલા ખેડૂતો દ્વારા ઉઠાવવામાં આવી રહી છે.

ગત ચોમાસાની શરૂઆતમાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોએ મોંઘા ભાવે બિયારણ, ખાતર અને દવાઓ ખરીદી મગફળી, કપાસ તથા સોયાબીનનું વાવેતર કર્યું હતું. જો કે, ત્યારબાદ વરસાદે લાંબો વિરામ લેતાં ખેતરોમાં ઊભા પાક સુકાવા લાગ્યા છે. કૂવા અને બોરનાં જળસ્તર પણ નીચે ઊતરી જતાં સિંચાઈ માટે પાણીની અછતે ખેડૂતોની મુશ્કેલી વધારી છે.

જિલ્લાના ખેડૂતોની મુખ્ય રજૂઆત છે કે વરસાદની અછત અને પાકની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર તાત્કાલિક સર્વે કરાવે અને અમરેલી જિલ્લાને પણ અન્ય જિલ્લાની જેમ જ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અંગે નિર્ણય લે. ખેતી પાછળ કરેલા ખર્ચ સામે પાકમાંથી પૂરતી આવક મળવાની આશા ધૂંધળી બની છે. આવી સ્થિતિમાં લોનના હપ્તા ભરવા, પરિવારનું ગુજરાન ચલાવવા અને આગામી સિઝન માટે બિયારણ-ખાતરની વ્યવસ્થા કરવી મુશ્કેલ બની શકે છે. તેથી ખેડૂતોને રાહત આપવા સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી માગ છે.

ખેડૂતોની સ્પષ્ટ માગ છે કે સરકાર માત્ર સર્વેની પ્રક્રિયા સુધી સીમિત ન રહે, પરંતુ નુકસાનનું મૂલ્યાંકન કરી સમયસર રાહત આપે અને અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અંગે તાત્કાલિક નિર્ણય લે. દિવાળી પહેલાં વળતર, લોન-વ્યાજમાં રાહત, પશુઓ માટે ઘાસચારો અને પાણીનું આયોજન—આ માગણીઓ પર સરકાર ક્યારે પગલાં ભરે છે તે હવે ખેડૂતો માટે મહત્ત્વનો સવાલ બન્યો છે.

સૌની યોજના મારફતે શક્ય હોય ત્યાં ડેમ અને જળાશયો ભરી પાણીનું આગોતરું આયોજન કરવામાં આવે. સિંચાઈ માટે પણ પાણીની અછત વરસાદની લાંબી ખેંચથી અનેક ખેતરોમાં મગફળીના છોડ સુકાવા લાગ્યા છે, જ્યારે કપાસ અને સોયાબીનના પાકને પણ નુકસાન થવાની ભીતિ છે. બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ અને મજૂરી પાછળ મોટો ખર્ચ કર્યા બાદ પાક બચાવવો મુશ્કેલ બનતાં ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. કૂવા-બોરનાં જળસ્તર નીચે ઊતરી જતાં પિયતનો વિકલ્પ પણ મર્યાદિત બન્યો છે.

આ સ્થિતિની અસર પશુપાલન પર પણ પડી શકે છે. ખેતરોમાં પાક સુકાતાં પશુઓ માટે લીલો ઘાસચારો મેળવવામાં મુશ્કેલી સર્જાવાની ભીતિ છે. સાથે જ જળાશયોમાં પૂરતા પાણીના સંગ્રહના અભાવે આગામી ઉનાળામાં પીવાના પાણીની ચિંતા પણ અત્યારથી સતાવી રહી છે.

કોડીનારના પેઢાવાડામાં મજૂર પર દીપડાનો હુમલો

ઝૂંપડામાં સૂતા મહારાષ્ટ્રના યુવાનને હાથમાં ઈજા, વન વિભાગે દીપડાને પકડવા કવાયત શરૂ કરી



(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉનાઃગીર સોમનાથના કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામની સીમમાં દીપડાના હુમલાની ઘટના સામે આવી છે. વાડી વિસ્તારમાં પોતાના ઝૂંપડામાં રાત્રિના સમયે સૂઈ રહેલા મહારાષ્ટ્રના એક મજૂર યુવાન પર દીપડાએ અચાનક હુમલો કરતાં યુવાનના હાથના ભાગે ઈજા પહોંચી છે. આ ઘટનાને પગલે વાડી વિસ્તારમાં રહેતા મજૂરો અને સ્થાનિક લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

બનાવની જાણ થતાં જ વન વિભાગની ટીમ હરકતમાં આવી છે અને દીપડાને પકડવા માટે સઘન કવાયત હાથ ધરવામાં આવી છે.ઝૂંપડામાં સૂતેલા યુવાન પર અચાનક હુમલો પેઢાવાડાના વાડી વિસ્તારમાં મહારાષ્ટ્રનો એક મજૂર યુવાન રહે છે. રાત્રિના સમયે યુવાન પોતાના ઝૂંપડામાં નિરાંતે સૂતો હતો, તે દરમિયાન અચાનક દીપડો ત્યાં આવી પહોંચ્યો હતો અને યુવાન પર હુમલો કરી દીધો હતો. અચાનક બનેલી આ ઘટનાથી યુવાન ગભરાઈ ગયો હતો. જોકે, યુવાને તાત્કાલિક બૂમાબૂમ કરતાં દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ હુમલામાં યુવાનના હાથના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

વન વિભાગ દ્વારા દીપડાને પકડવા કવાયત શરૂ પેઢાવાડા ગામના વાડી વિસ્તારમાં દીપડાના હુમલાની ઘટનાની જાણ થતાં જ વન વિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વન વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આસપાસના વિસ્તારમાં દીપડાની અવરજવર અંગે તપાસ હાથ ધરી છે. આ સાથે જ નરપશુ બની ગયેલા આ દીપડાને વહેલી તકે પકડી પાડવા માટે પાંજરા ગોઠવ સહિતની જરૂરી કવાયત શરૂ કરવામાં આવી છે.

મજૂરોમાં ભયનો માહોલ અને સુરક્ષાની માંગ વાડી વિસ્તારમાં મોટી સંખ્યામાં મજૂરો ખેતમજૂરી માટે પરિવાર સાથે રહેતા હોય છે અને રાત્રિના સમયે ખુલ્લા કે કાચા ઝૂંપડાંમાં આરામ કરતા હોય છે. આવી સ્થિતિમાં દીપડાના હુમલાની આ ઘટનાને પગલે મજૂરોની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ઊભી થઈ છે.

લીલીયા પંથકમાં ખનીજ વિભાગની કાર્યવાહીથી ખળભળાટ : રેતી ભરેલ બે ડમ્પર ઝડપાયા

શેઢાવદર અને આંબા ગામેથી રૂ. ૯.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના લીલીયા પંથકમાં ખનીજ વિભાગે કાર્યવાહી હાથ ધરી બે ડમ્પર સહિત રૂપિયા ૯.૪૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડતાં ખળભળાટ મચી ગયો છે. લીલીયાના શેઢાવદર અને આંબા ગામે કરવામાં આવેલી આ કાર્યવાહીથી ખનીજ વિભાગની કામગીરી ચર્ચામાં આવી છે.

સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, શેઢાવદર ગામે શેત્રુંજી નદીના પુલ નજીક ખનીજ વિભાગે GJ 07 UU 4656 નંબરનું ડમ્પર ઝડપી પાડ્યું હતું. અંદાજે ૧૦ ટન માલ ભરેલા આ ડમ્પર સહિત રૂ. ૩.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યવાહી દરમિયાન લીલીયા મામલતદાર કચેરીનો સ્ટાફ પણ જોડાયો હતો.

બીજી તરફ, આંબા ગામેથી ખનીજ વિભાગે GJ 13 W 2482 નંબરનું ખાલી ડમ્પર ઝડપી પાડ્યું હતું. આ ડમ્પર સહિત અંદાજે રૂ. ૬ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ખનીજ વિભાગે બંને ડમ્પર કબજે કરી લીલીયા પોલીસ સ્ટેશન ખાતે રાખ્યાં છે. લીલીયા પંથકમાં એક જ કાર્યવાહી દરમિયાન બે ડમ્પર ઝડપાતાં ગેરકાયદે ખનન અને ખનીજ વહનના મુદ્દે ફરી ચર્ચા જાગી છે.

ખનીજ વિભાગની આ કાર્યવાહીથી ખનીજ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોમાં ફફડાટ ફેલાયો હોવાનું મનાય છે.

ઘાસચારાની આડમાં લઈ જવાતો દારૂ ઝડપાયો

વંડા પોલીસે બે આરોપીની ધરપકડ કરી; રૂ. ૯.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત, અન્ય બેની શોધખોળ



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

સાવરકુંડલા તાલુકાના વિરડી ગામથી નાળ ગામ જવાના રસ્તેથી ઘાસ ચારાની વચ્ચે બોલેરો પીકપમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૪૦ (પેટી નંગ-૧૦૨) કિંમત રૂા. ૪,૬૭,૨૮૦ તથા મોબાઈલ ફોન નંગ - ૨ કિંમત રૂા.૧૦૦૦૦ તેમજ બોલેરો પીકઅપ જેની કિંમત રૂા. ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા.૯,૭૭,૨૮૦ ના મુદામાલ સાથે બે ઇસમને વંડા પોલીસ ટીમે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા દ્વારા અમરેલી જીલ્લામાથી દારૂની બદી સદંતર દુર કરવા અને પ્રોહીબીશન લગતી પ્રવૃત્તિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર રેઇડ કરી કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, જે અન્વયે વંડા પોલિસ સ્ટેશનના પોલિસ ઇન્સ એન.જી.સાપરાની માર્ગદર્શન હેઠળ વંડા પોલીસ ટીમ કોંમ્બીગ પેટ્રોલીગમાં હોય, તે દરમ્યાન મળેલ વિરડી બાતમીના આધારે ગામથી નાળ ગામ જવાના રસ્તે એક બોલેરો પીકઅપ ઘાસચારાની વચ્ચે વિદેશી દારુ લઇ જઈ રહેલ છે તે બોલેરો પીકઅપ વાહન સાવરકુંડલા તાલુકાના વિરડી ગામે રહેતા ગોપાલ સુરેશભાઇ ડાભી, રોહીતભાઇ ઉર્ફે લાલજી મનુભાઈ દાણીધારીયાને અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૪૦ (પેટી નંગ-૧૦૨) કિંમત રૂા. ૪,૬૭,૨૮૦ તથા મોબાઈલ ફોન નંગ - ૨ કિંમત રૂા.૧૦૦૦૦ તેમજ બોલેરો પીકઅપ જેની કિંમત રૂા. ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા.૯,૭૭,૨૮૦ ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ઈંગોરાળામાં ડેલી આગળથી બાઈકલેવાનું કહેતા પતિ પત્ની પર હુમલો

અમરેલી:બાબરાના ઈંગોરાળા ગામે ગટરનું કામ ચાલી રહ્યું હતું આ દરમિયાન શાંતુબેન મહેશભાઈ સોલંકીના ઘરની સામે કોઈએ બાઈક ઊભી રાખી હતી, જેને લઈ મહિલાના પતિ મહેશભાઈ દેવજીભાઈ સોલંકીએ બહાર નીકળી આ બાઈક કોણે આડી મૂકી છે તેમ પૂછતા તેના સગા કાકાના પુત્ર રાહુલ સોલંકીએ બાઈક પોતાની હોવાનું જણાવી તેને નહીં હટાવવાની વાત કરતાં ઉશ્કેરાઈ જઈ મહિલાના પતિને પછાડી દઈ તેના નાના ભાઈ જયેશ સાથે મળી મહેશભાઈને માર માર્યો હતો. શાંતુબેન વચ્ચે પડતાં આ દરમિયાન રાહુલનાં માતા લીલાબેન તથા તેની બે પુત્રીઓ પણ ત્યાં આવી પહોંચ્યાં હતાં. આ ત્રણેય મહિલાઓએ મહિલાને એક બાજુ ખેંચી જઈ માર માર્યો હતો.

મને તું ગમતી નથી, ખોટા કેસમાંથી છૂટવા લગ્ન કર્યાં તા, કહી પતિ સહિત સાસરી પક્ષનો ત્રાસ

અમરેલી:લીલીયા તાલુકાના દાડમા ગામે અગાઉ પ્રેમલગ્ન બાદ પતિ સહિત સાસરી પક્ષ દ્વારા પરિણીતા પર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. અગાઉ થયેલા કેસમાંથી છૂટવા તારી સાથે લગ્ન કર્યા છે કહી પતિએ મારી નાખવાની ધમકી આપી હતી.

લીલીયા મોટા તાલુકાના દાડમા ગામે રહેતી ૨૨ વર્ષીય રીનાબેનને પ્રતાપ સારીખડા સાથે અગાઉ પ્રેમસંબંધ હતો. આ સંબંધની જાણ થતાં રીનાબેન સગીર વયની હોવાથી તેમની માતા દયાબેને પ્રતાપ વિરુદ્ધ લીલીયા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

રીનાબેન પુખ્ત વયનાં થતાં તેમણે પ્રતાપ સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. લગ્ન બાદ તું મને ગમતી નથી, મેં ટાઈમપાસ કરવા માટે તારી સાથે લગ્ન કર્યા છે અને મારી સામે થયેલા ખોટા કેસમાંથી છૂટવા માટે લગ્ન કર્યા છે કહી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

બાદમાં આ અંગે ગત તા. ૩૦ સપ્ટેમ્બર,ના રોજ બપોરે આશરે બે વાગ્યાના અરસામાં પતિ સહિત સાસરિયાં સાથે બોલાચાલી અને ઝઘડો થયો હતો.

આ દરમિયાન પતિએ માર માર્યો, ગાળો આપી અને માતા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નહીં કરે તો મારી નાખવાની ધમકી આપી ઘરમાંથી કાઢી મૂકી હતી. આ અંગે ફરિયાદના આધારે લીલીયા પોલીસે પતિ પ્રતાપ સારીખડા, સસરા મૂળજી સારીખડા, સાસુ જશુબેન સારીખડા, જેઠ રાહુલભાઈ સારીખડા, જેઠાણી ઈન્દુબેન સારીખડા અને નણંદ રસિલાબેન સારીખડા સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજુલા એસટી ડેપોના વર્કશોપ પાસે રસ્તો બંધ કરાતાં વિદ્યાર્થીઓ-વાલીઓ મુશ્કેલીમાં



રાજુલા:રાજુલા એસટી ડેપોના વર્કશોપ વિભાગની બાજુમાં રસ્તો નવો બનાવવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે વાહન ચાલકો અને રાહદારીઓ માટે યોગ્ય ડાયવર્ઝનની વ્યવસ્થા કરવામાં ન આવી હોવાની ફરિયાદો ઉઠી છે. ખાસ કરીને શાળાએ જતા વિદ્યાર્થીઓ અને બાળકોને મૂકવા આવતા વાલીઓ મુશ્કેલીમાં મુકાયા છે.

રસ્તાની કામગીરી દરમિયાન લોકો એસટી ડેપોના વર્કશોપની બાજુમાં આવેલી વેસ્ટ જગ્યામાંથી અવરજવર કરી રહ્યા હતા. આ માર્ગનો ઉપયોગ કરીને વાલીઓ બાળકોને શાળાઓમાં મૂકવા અને લેવા જતા હતા. જો કે આ રસ્તા પર અચાનક આડી બસ મૂકી દેવામાં આવતાં અવરજવરનો માર્ગ બંધ થઈ ગયો છે.

રસ્તો બંધ થતાં શાળાએ જતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વેસ્ટ જગ્યામાં બસ આડી મૂકવામાં આવતાં શાળાએ જવા-આવવાનો રસ્તો અવરોધાયો હોવાની બાબતે વિદ્યાર્થીઓના વાલીઓમાં રોષ છે. એસટી તંત્ર દ્વારા આ બસને તાત્કાલિક હટાવી વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અવરજવરનો માર્ગ ખુલ્લો કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. નવો રસ્તો બની રહ્યો છે, પરંતુ ડાયવર્ઝન નહીં.

લીલીયાથી અમરેલીના હાઈવે પર ૧૫ કિમીમાં ૧૯ સ્પીડ બ્રેકર!

નિયમની અવગણના કરી આડેધડ સ્પીડ બ્રેકર લગાવાયા



અમરેલી:લીલીયા—અમરેલી સ્ટેટ હાઈવે પર લીલીયા ઉમિયા સર્કલથી અમરેલી શ્યામ સર્કલ તરફના આશરે ૧૫ કિલોમીટરના માર્ગ પર ૧૯ સ્પીડ બ્રેકર હોવાની બાબતે વાહનચાલકોમાં અનેક સવાલો ઊભા થયા છે.

નિયમ અનુસાર. ૪ ઇંચ ઊંચાઈ અને ૩.૭ મીટર પહોળાઈ ધરાવતા ૨૫ની સ્પીડ પણ આ સ્પીડ બ્રેકર પર પસાર થવામાં મુશ્કેલી થાય છે. કેટલાક સ્થળે ૪૦ મીટર પહેલાં ચેતવણીનાં બોર્ડ પણ ન હોવાના કારણે માર્ગ અને મકાન વિભાગ (આર.એન.બી.)ની કામગીરીની તપાસની માગ ઉઠી છે.

એવો સવાલ પણ ઉઠ્યો છે કે શાળા, કોલેજ, હોસ્પિટલ કે જોખમી વળાંક જેવા સંવેદનશીલ વિસ્તારોમાં વાહનોની ગતિ નિયંત્રિત કરવાના હેતુથી સ્પીડ બ્રેકર બનાવવામાં આવે છે.કોઈ દર્દીને હૃદયરોગનો હુમલો આવે, ગંભીર માર્ગ અકસ્માત સર્જાય કે પ્રસૂતિ જેવી કટોકટી ઊભી થાય ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ માટે દરેક મિનિટ મહત્ત્વની હોય છે.

અમરેલી શહેરમાં દિવાળીની ખરીદી ધીમી:મોંઘવારીના મારથી બજારમાં હજુ જોઈએ એવો ઉત્સાહ નહીં !

સાંજના સમયે બજારોમાં લોકોની અવરજવર વધી : ફટાકડાના સ્ટોલ ગોઠવવાની તૈયારીઓ તેજ



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહેતા અમરેલી શહેરમાં તહેવારલક્ષી ખરીદીનો ધીમે ધીમે પ્રારંભ થવા લાગ્યો છે. જોકે, એક તરફ તહેવારની તૈયારીઓ શરૂ થઈ છે, તો બીજી તરફ મોંઘવારીની અસરને કારણે લોકો ખરીદીમાં સાવચેતી રાખી રહ્યા હોય તેમ બજારમાં હજુ દિવાળીની ખરીદીનો જોઈએ તેવો ઉત્સાહ જોવા મળી રહ્યો નથી. હાલ લોકો પોતાની જરૂરિયાત મુજબની વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે, જ્યારે આગામી પહેલી તારીખ બાદ બજારમાં ખરીદીનો ધમધમાટ વધવાની શક્યતા છે.

અમરેલી શહેરના બજારોમાં રેડીમેડ કપડાં સહિત જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે લોકો સાંજના સમયે ઘરની બહાર નીકળી રહ્યા છે. જેના કારણે શહેરના મુખ્ય બજારો અને માર્ગો પર લોકોની અવરજવર વધવાની સાથે ટ્રાફિક પણ જોવા મળી રહ્યો છે. જોકે, દિવાળીના તહેવાર દરમિયાન સામાન્ય રીતે જોવા મળતી બજારોની રોનક અને ખરીદીની ભીડનો માહોલ હજુ જામ્યો નથી.

બીજી તરફ, દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં ફટાકડાના સ્ટોલ ગોઠવવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ફટાકડાના વેચાણની સાથે કપડાં, મીઠાઈ, સુશોભનની ચીજવસ્તુઓ અને અન્ય જીવનજરૂરી સામગ્રીની ખરીદીમાં પણ વધારો થવાની સંભાવના છે.

હાલ મોંઘવારીના માહોલમાં લોકો બિનજરૂરી ખર્ચ ટાળીને જરૂરિયાત મુજબ જ ખરીદી કરવાનું પસંદ કરી રહ્યા છે. દિવાળીને હજુ સમય હોવાથી અનેક પરિવારો ખરીદી માટે યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. ખાસ કરીને આગામી પહેલી તારીખ બાદ પગાર અને અન્ય નાણાકીય વ્યવહારોને પગલે બજારમાં ખરીદીનું પ્રમાણ વધશે તેવી આશા વેપારી વર્ગ રાખી રહ્યો છે.

આમ, અમરેલીમાં દિવાળીના તહેવારની ખરીદીનો પ્રારંભ તો થઈ ગયો છે, પરંતુ મોંઘવારીના પ્રભાવ વચ્ચે બજારોમાં હજુ તહેવારનો માહોલ પૂરજોશમાં જામ્યો નથી. આગામી દિવસોમાં બજારમાં ખરીદીનો પ્રવાહ કેટલો વેગ પકડે છે તેના પર વેપારીઓની નજર મંડાયેલી છે.

લઘુત્તમ પારો ૨૨.૬ ડિગ્રીએ પહોંચ્યો

અમરેલી પંથકમાં ૩૦ ઓક્ટોબરે વરસાદની આગાહી: પારો ૩૬.૩

અમરેલી:શિયાળાની ઋતુના માહોલ વચ્ચે અમરેલીમાં મહત્તમ તાપમાન ૩૬.૩ ડિગ્રી નોંધાતાં દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ જોવા મળ્યો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૮ કિલોમીટર રહી હતી.

દિવસના મહત્તમ તાપમાનમાં ગરમીનો અહેસાસ થતો હોવા છતાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડક અનુભવાય તેવી સ્થિતિ રહી હતી. દિવસ અને રાત્રિના તાપમાનમાં ફેરફાર જોવા મળ્યો હતો. ત્યારે અમરેલીમાં પણ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત નોંધાયો હતો. હવામાનમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા રહેવા સાથે પવનની ગતિ પ્રતિ કલાક ૮ કિલોમીટર નોંધાઈ હતી.

દિવસ દરમિયાન ગરમી અને રાત્રિના સમયે પ્રમાણમાં ઠંડકનો અનુભવ થવાની સ્થિતિ રહી હતી. પવનની ગતિ વધારે રહી હતી. તેમજ હવામાન વિભાગે ૩૦ ઓક્ટોબરે જિલ્લામાં વરસાદની આગાહી કરાઈ છે.